Smt. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL 1254 .589 | .54   4.27752

HANSA MEHTA LIBRARY

પ્રેમભક્તિ-ગ્રન્થમાલા

# શિક્ષાપત્રી

સમશ્લોકી, મૂળ સાથે

ભાષાન્તરકર્તા

ન્હાનાલાલ દલપતરામ કવિ

વિ. સં. ૨૦૦૮ ]  [ ઈ. સ. ૧૯૫૨,

કિંમત એક રૂપીયો

A-M-K
PURCHASED
Date 10-12-56
Init. [illegible]
G. 27752
K8·1=0
7BL
1254
.399
54

પ્રકાશક

ડૉ. મનોહર ન્હાનાલાલ કવિ
કવિ ન્હાનાલાલ રસ્તો, એલિસપૂલ,
અમદાવાદ, ૬.

( સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન )

ઇ. સ. ૧૯૨૭ થી ૧૯૪૬ સુધીની પ્રેમભક્તિ–ગ્રન્થમાલાના પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક નકલ ઉપર કર્તાની ટૂંકી સહી હોય છે. ઇ. સ. ૧૯૪૬ થી પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક નકલ ઉપર વ્યવસ્થાપકની ટૂંકી સહી હોય છે.

આવૃત્તિ ૧ લી : ઈ. સ. ૧૯૩૧ પ્રત ૨૦૦૦
આવૃત્તિ ૨ જી : „ ૧૯૫૧ પ્રત ૧૨૦૦

મુદ્રણસ્થાન : પ્રેમભક્તિ મુદ્રણાલય, પાલીતાણા.
મુદ્રક : શ્રી. દુલાભાઇ ગોવિંદ ધામેલીયા. માનદમંત્રી,
રાજકુમાર કૉલેજ કવિશ્રી ન્હાનાલાલ
સ્મારક સમિતિ—રાજકોટ.



આવો, આવો, ધર્મસોહાગીના સંઘ ! હરિના હોય ઓરતા રે લોલ;
આવો, કહું ધર્મકુમારની ધન્ય સનાતન વારતા રે લોલ.

સખિ ! પેલાં નીલવાદળિયાં આભ અનન્તને ઉચ્ચરે રે લોલ;
સખિ ! એને હૈયે ચ્હડી હિમવાન અગમ્યની વાતો કરે રે લોલ.

સખિ ! ત્ય્હાં અગમનિગમના ઓઘ સમી નદીઓ વહે રે લોલ;
સખિ ! ત્ય્હાં જ્ઞાનકુટીરની માંહ્ય ઋષિ—તપસી રહે રે લોલ.

સખિ ! રચે ઘેરગંભીર મહાવન માયાવી ભૂલભૂલામણી રે લોલ;
સખિ ! ત્ય્હાં ઘાટે ઘાટે તીર્થ, તપોવન તપની ધુણી રે લોલ.

સખિ ! ત્ય્હાં શ્રુતિસ્મૃતિનો મહાશબ્દ સમીરમાં ગાજતો રે લોલ;
સખિ ! એવો અમુલખ ઉત્તરાખંડ ઢળ્યો બ્રહ્મવાડી સમો રે લોલ.

સખિ ! એ બ્રહ્મવાડીને ચોક ફૂલ્યાં બ્રહ્મફૂલડાં રે લોલ;
સખિ ! એના પાવન બ્રહ્મપરાગ ધરતી ભરીને ઉડ્યા રે લોલ.

સખિ ! ત્ય્હાં પ્રગટ્યા ધર્મકુમાર પાંખડીએ પુણ્યની રે લોલ;
સખિ ! એની સ્ફુરતી ધર્મસુવાસ કે ધર્મારણ્યની રે લોલ;

સખિ ! કરી તીરથતીરથના ઘાટ, તીર્થોદક ઝીલતા રે લોલ,
સખિ ! આવી વસિયા બ્રહ્મકુમાર સાગરની સીમમાં રે લોલ.

સખિ ! જ્યહાં ઘોરમતી ઘમઘોર કે જળની ઝાડીઓ રે લોલ;
સખિ ! જ્યહાં આથમતા રવિદેવે કે પગથી પાડીઓ રે લોલ;

સખિ ! જ્યહાં વસતા જાદવરાય જગતસોહામણા રે લોલ;
સખિ ! જ્યહાં પચ્ચાસ સદીની વાતો વદે નિધિઘોષણા રે લોલ;

સખિ ! હતો ઉત્તરાખંડનો એક કે મઠ જ્ઞાનવૈરાગ્યનો રે લોલ;
સખિ ! ત્યહાં વસિઆ ધર્મકુમાર, મુગટ ધરી ધર્મનો રે લોલ.

સખિ ! જેમ પૂર્વથી જઈ પશ્ચિમ પ્રભાકર ઢળે પ્રભા રે લોલ;
સખિ ! એમ સરયૂનીર ગુજરાતે વહાવી વર્ણી ઉભા રે લોલ.

સખિ ! એનાં પ્રેમભક્તિનાં જળે સરોવર છલી વળ્યાં રે લોલ;
સખિ ! મંહિ સત્સંગીના સંઘ કે ન્હાઈ થાય નિર્મળા રે લોલ.

સખિ ! ધન્ય ધન્ય એ બ્રહ્મકુમાર, કે બ્રહ્મરસિયાં કીધાં રે લોલ;
સખિ ! ધન્ય ધન્ય એ ધર્મકુમાર, ધરણીને ધર્મ દીધા રે લોલ.

સ્વામી શ્રી સહજાનન્દે વર્ષાવી ધર્મવાદળી;
ભાંગી પાળો સમારી, ને છાંટી સંસારનિર્મળી.

થયા એ ધર્મની પાળે શ્રી દેવાનન્દ, દેવ શા;
પિતાને એમણે પાઈ ધર્મની–કાવ્યની સુધા.

સૈકાનું એ પિતૃઋણ કિંચિતે આજ વાળવા
અર્પું છું પિતૃગુરુને શિક્ષાપત્રોની છાય આ.

# પ્રસ્તાવના

ઉતાવળે આંબા ન પાકે, પણ પાકકાળે ફળ પાકે છે એવી આ ભાષાન્તરની યે ઉપકથા છે. આ ગ્રન્થ તો છસાતેક વર્ષો પૂર્વે છપાયો હોત; ત્યહારે એનો આદર થયો હતો. પણ મ્હારાથી અધિકા અધિકારી સત્સંગી શિક્ષાપત્રીનું સમશ્લોકી ભાષાન્તર કરે છે એમ જાણ્યું તેથી આદરેલો ઉપક્રમ મ્હેં કોરે મૂક્યો. પછી તો એ થયું નહિ ને આ પડતું રહ્યું એવું થયું. એટલે ફરી વળી પરિયાણ આદર્યાં, અને જે સધાયું તે સત્સંગીઓને ને ગુજરાતને આ સમર્પું છું.

જગતના સહુ ધર્મપ્રવર્તકોએ નિજનિજનાં વિધિનિષેધનાં ધર્મશાસ્ત્ર રચેલાં છે. સ્વામીનારાયણ સંપ્રદાયનાં એવાં શ્રીજીમુખનાં પરમ ધર્મશાસ્ત્રો છે બેઃ એક વચનામૃત ને બીજી શિક્ષાપત્રી. સ્વામીનારાયણનાં વચનામૃત એટલે, બુદ્ધ ભગવાનનાં વચનામૃતની પેઠે, લોકભાષામાં ઉચ્ચારાએલાં આત્મવિદ્યાનાં ગહન સત્યો; અને શિક્ષાપત્રી એટલે વ્યવહારને ને સંસારને પરિશુદ્ધતી વિદ્વાનભાષામાં રચાયેલી નિત્યનિયમાવલિ. શ્રીમદ્ ભગવદ્ગીતા સમું સંપ્રદાયનું તત્વજ્ઞાન શોધનારે વચનામૃતમાં અવગાહન કરવાનું છેઃ કાદવકર્દમવન્તા જીવનને સંસારને ને અન્તરને નિર્મળ કરતી નિર્મળીના શોધનારે શિક્ષાપત્રી સેવવા–વિચારવાની છે. શિક્ષાપત્રીમાં તત્વજ્ઞાનની ગહનતા શોધનાર ભૂલા પડશે. ગીતાજીના ત્રીજા ભાગથી યે ન્હાનકડી શિક્ષાપત્રી એટલે સ્વામીનારાયણ સંપ્રદાયની, શ્રુતિ નહિ પણ, સ્મૃતિ. વિ. સં. ૧૮૮૨-ઇ. સ. ૧૮૨૬ની વસન્ત-

પંચમીએ ગોમતીતીરે વડતાલતીર્થમાં શિક્ષાપત્રી રચાઇ રહી. શ્રીજી મહારાજે વિચારો વરસાવ્યા, દીનાનાથ ભટ્ટજીએ શ્લોકબદ્ધ કીધા. શ્રીજી એમને સદ્‌ભાવથી બોલાવતા. ચોમાસાનાં ડહોળાં પાણીને પરિશુદ્ધતી, જળને ને કર્દમને છૂટાં પાડતી શિક્ષાપત્રીએ કંઈ કંઇનાં અન્તરને જીવનને સંસારને પરિશુદ્ધ્યા છે. સ્વામી નારાયણી શિક્ષાપત્રી તો છે સંસારકર્દમની શુદ્ધિની સ્વાધ્યાયિની.

ગુજરાતને એવી સંસારનિર્મળી છાંટનાર ધર્મપ્રવર્તક કેવાક હતા? એમનો ધર્મમાર્ગ કેવોક છે? કાળના કેવાક સંજોગોમાં એ થયા? એ ધર્મમાર્ગની વિશેષતા શી છે? એ ગુજરાતના ઇતિહાસઅભ્યાસીને ઉપજતા સહજ પ્રશ્નો છે. આછાઅધૂરા કંઇક એ વિચારીયે.

ઇ. સ. ૧૮૩૨ ના રિફોર્મ બીલ પૂર્વેનાં ઇંગ્લાંડના સારા ને નરસા અંશો કલ્પતાં પરિશ્રમ પડે છે એવો ૧૮૫૭ ના બળવા પૂર્વેનાં ભારતનાં સારાં ને નરસાં અંશો કલ્પતાં આજ પરિશ્રમ પડે છે. ૧૮૩૦ પછી વરાળ વિજળી ને વિમાને જાણે નવું જગત સરજ્યું છે. તે પહેલાના આઠ સૈકાઓમાં ન્હોતી બદલાઈ એટલી દુનિયા આ એક સદીમાં પલટાઈ ગઈ છે. પૃથ્વીપાટે સાગરપગથારે ગગનઘુમ્મટમાં મહાજલધિના યે જલભીતરમાં જગતનો સ્વરૂપપલટો એવો ને એટલો થયો છે કે એ પૂર્વેનું જગતસ્વરૂપ ભૂલાયું છે. સો વર્ષ પૂર્વેનું જગત કલ્પવાને આજ બે હજાર વર્ષ પૂર્વેનું જગત કલ્પવા જેટલો લગભગ પરિશ્રમ કરવો પડે છે. અને



છતાં નવા જમાનાને જૂના જમાના સાથે એક પરમ સામ્ય છે; ને તે એ કે બન્નેયમાં સદ્ અને, અસદ્ અંશો ભરેલા છે.

ત્ય્હારે, શ્રીજી મહારાજે આપણા સંસારને નિર્મળી છાંટી એ ઇતિહાસનો કિયો જમાનો હતો?

ભારતીય ઇતિહાસનો એ જમાનો હતો રાજ્યોની પરસ્પર અથડામણો ને અંધાધુંધીનો ઇ. સ. ૧૭૦૭ માં મુગલાઇની સ્હાંજ પડી ને ૧૮૫૮ માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું રાજ્ય ઇંગ્લાંડની સરકારે હાથમાં લીધું એ દરમિયાનના દોઢસો વર્ષ એટલે ઇંગ્લાંડમાં સપ્તરાજ્યમંડળી—હેપ્ટાર્કીનો હતો એવો યુગ. દક્ષિણમાં પેશ્વા, નિઝામ, હૈદરટીપુ ને ઇંગ્રેજો અથડાતા. ઉત્તર હિન્દમાં પેશ્વા ને પેશ્વાનાં અંગો, રજપૂત રાજસ્થાનો, દિલ્હીની બાદશાહી, બંગાળાના ને અયોધ્યાના નવ્વાબો, શીખો ને ઇંગ્રેજોની અથડામણો ચાલતી. એ દોઢસો વર્ષ એટલે રાજ્યનાં સંસારનાં ધર્મનાં અન્ધેર અને અન્ધાધૂનીનો જમાનો. એ તો ઉઘાડો ઇતિહાસ છે કે ભારત ભરમાં ત્ય્હારે સોંઘારત હતી; શૌર્ય હતું; શસ્ત્રો હતાં; કિનખાબ મલમલ કુલકારીનાં કલાકારીગિરિ હુન્નર હતાં; હિન્દનું હિન્દમાં રહેતું; સર ટોમસ રોએ મુગલાઇને માટે કહ્યું છે એવી 'અન્ય કો દેશમાં ન દીઠેલી લક્ષ્મીની રેલમછેલ હતી;' સૌરાષ્ટ્રને માટે ચીની યાત્રાળુએ કહ્યુંછે એવી 'દેશમાં દૂધ ને મધની નદીઓ વહેતી.' આપણા ગુજરાતમાં જૂનાગઢની નવ્વાબી ( ૧૭૪૮ ), પોરબંદર ( ૧૭૫૮ ), ધ્રાંગધ્રા ( ૧૭૩૦ ), ભાવનગર ( ૧૭૨૩ ) ત્ય્હારે વસ્યાં. વડોદરા ઇન્દોર ગ્વાલિયર મુંબઇ મદ્રાસ કલકત્તા એ દોઢ સદીમાં જન્મ્યાં. હિન્દ ત્ય્હારે સમશેરબહાદુરનો દેશ હતો;

નિઝામ ગાયકવાડ હોલ્કર શીંદેની રાજગાદીઓ ત્ય્હારે સ્થપાઈ. બાલાજી વિશ્વનાથ, નાના ફડણવીસ, અહલ્યાબાઇ, રણજિતસિંહ, ઝાંસીની રાણીનો એ જમાનો હતો. લક્ષ્મીવન્તા વીરત્વ-ઊછળતા કલાકારીગિરિસોહન્તા ત્ય્હારના ભારતનો એ દોઢ સૈકો ત્હોય, પોળોની ઘેરોની પેઠે, રાજ્યરાજ્યની અથડામણો ને અંધાધુંધીનો હતો. એક જાતની અરાજકતા ત્ય્હારે પ્રવર્તતી. જૂના દુર્ગો પડતા હતા, નવાના પાયા માંડવાનાં હજી પગરણ થતાં. કૃષ્ણા–ગોદાવરીથી ઊપડી મરાઠાઓનાં ઘોડાં ગંગાજમનાનાં પાણી પીવા ત્ય્હારે ધડબડતાં, ને રાજમાર્ગમાં રાજસ્થાને કચરતાં છૂંદતાં દોડતાં. બાદશાહીને ઘડીક વશ કરી, ભારતની પાટનગરીમાં લીંબુઉછાળ રાજઆણ પ્રવર્તાવી, કુરુક્ષેત્ર ખેલી, ન્હડયાં પૂરની પેઠે મહારાષ્ટ્રીઓ, જાણે બ્રહ્માવર્તની યાત્રાએ જઇ આવ્યા હોય એમ, પુણ્યપત્તને પાછા વાળ્યા. મહિષપુરમાં હૈદરટીપુ સુલ્તાનપદે પ્રગટ્યા, પ્રકાશ્યા, આથમ્યા. હૈદરાબાદમાં નિઝામશાહી સ્થિર થઈ. બંગાળામાં સુજાઉદ્દૌલા ને મીરકાસમની નવાબીના વારાફેરા ખેલાયા. ફ્રેંચ સૂબેદાર ડુપ્લે જીત્યો, ઝળક્યો, અસ્ત પામ્યો; ને ઈંગ્રેજોને હિન્દ જીતવાની કળા ભણાવી ગયો. તરભેટાને ત્રણ ખૂણે વડવાઇઓ વાવી, ઉછેરી, એની શાખાઓ પછી ગૂંથીને ઘટામંડપ સારા યે તરભેટાને છાઇ રહેઃ એમ મદ્રાસ–મુંબઇ–કલકત્તામાં વાવેલાં બીજ વિસ્તરતાં અને દ્વારિકાથી બ્રહ્મપુત્રા પાર અશેષ ભારત-વર્ષે નિજ ઘટાઘુમ્મટની છાયા પાથરતાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૭૫૭ થી ૧૮૫૮ નો એક સૈકો લીધો. નાતપંચની મહાજનની ગ્રામ્યપંચાયતની સત્તાના સીમાડા બ્હાર સંસારમાં વ્યવહારમાં



ધર્મમાં ત્ય્હારે એવી જ અરાજકતા પ્રવર્તતી. પાળો તૂટેલી હતી, ક્યારાઓ ભાંગેલા હતા. વળાવિયા વિના દેશાન્તરે જવાતું નહિ; મધ્યભારતમાં મીરખાનના પીંઢારા ને ઠગીઓનાં ટોળાંઓ ઘૂમતાં; મુસાફરોની વણઝારો વિચરતી. કર્નલ મેડોઝ ટેલરની નવલકથાઓમાં એ યુગનું યુગદર્શન છે. ન્હાની પોળો, ન્હાની નાતો, ન્હાનાં રાજ્યો, ન્હાના સંપ્રદાયો થાય તે જનતાનું નિયમનસંરક્ષણ કરતાં; પણ દેશના રાજમાર્ગ અન્ધેરની આંધીથી છવાયેલા હતા. રાજ્યરાજ્યની અથડામણોની અંધાધૂનીના એ દોઢ સૈકાની બરાબર અધવચાળ ઇ. સ. ૧૭૮૧ માં શ્રીજી મહારાજનો જન્મ થયો. આપણા વૈષ્ણવી કવિવર શ્રી દયારામભાઇ ( ઇ. સ. ૧૭૭૭ થી ૧૮૫૩ ) શ્રીજી મહારાજના સમકાલીન હતા.

કાંકરિયા ઉપર રે કે નૌબત વાગે છે :

અમદાવાદના કાંકરિયા સરોવરની પાળે ડેરાતંબૂ ખોડી શહેરચોર્યાસી જમાડનાર શ્રીજીની ધર્મવિજયવાર્તા મ્હોટી છે, જીવનયાત્રાના પ્રધાન પ્રસંગો થોડા છે. ખરે ! જીવનની એ યાત્રા જ હતી. રામચન્દ્રજી ને બુદ્ધ ભગવાનથી માંડીને ઉત્તરાખંડ ભારતખંડને મહાપુરુષો સમર્પતો આવ્યો છે. અયોધ્યા સમીપે છપૈયા ગામમાં શ્રીજી મહારાજ પ્રગટ્યા. એકાદશ વર્ષની બાળવયે ધ્રુવજીની પેઠે શ્રીજી ઘર ત્યાગી તિર્થાટન ને તપશ્ચર્યા કરવા નીકળી પડ્યા. સાતેક વર્ષો શ્રી નીલકંઠ બ્રહ્મચારી વનમાં વિચર્યા, ને તીર્થો ને તપ કીધાં. તપકૃશાંગ વર્ણી બ્રહ્મચારી પછી ગિરનાર થઇને ફરતા ફરતા સોરઠી સોમનાથની ઉત્તરે લોજ ગામને પાદર આવી ન્હહ્યા, ને ત્ય્હાં

વાવને કાંઠે વર્ષોનો થાક જાણે ઉતારવા બેઠા. બેએક યોજન છેટેથી બાળા જોગીને સાગર શીતળતા ઢોળતો, ગૂઢ મન્ત્રો સંભળાવતો. ગામમાં રામાનન્દ સ્વામીનો મઠ હતો. રામાનન્દ સ્વામી મૂળ શરીરે અયોધ્યા ભણીના હતા; વર્ણીના માતા-પિતાએ એમની કનેથી ધર્મદીક્ષા અંગીકારી હતી. વાવકાંઠે વર્ણીને રામાનન્દી સન્તો મળ્યા. શ્રીજી મઠમાં ગયા, ત્હાં રહ્યા, મઠાધીશ થયા. ભાદરને કાંઠે કાઠીઓની પાટનગરી જેતપુરમાં રામાનન્દ સ્વામીએ શ્રીજીનો પટ્ટાભિષેક કીધો ને ઉચ્ચાર્યું કે 'અમે ડુગડુગિયું વગાડતા હતા, વેશ તો પાછળ હવે આવે છે.' પછીને વર્ષે રામાનન્દ સ્વામી વિદેહ થયા; અને એ યુગના છેલ્લા મહામુત્સદ્દી નાના ફડણવિસ કાળધર્મ પામ્યા એ વર્ષમાં, ભરજોબન ૧૯ મે વર્ષે સૈકાને પલટાતે સવારે શ્રીજી મહારાજ ધર્મધુરન્ધર થયા. એ પછીના ત્રીસ વર્ષમાં એમણે કીધેલો ગુજરાત દેશમાંનો આ ધર્મદિગ્વિજય.

ત્યહારે એ જીવન્મુક્તોનો પન્થ કહેવાતો,

અને શ્રીજીએ પ્રવર્તાવેલા ધર્મમાર્ગની લાક્ષણિકતા શી લેખાય? એ ધર્મમાર્ગ છે આચારસ્વચ્છતાનો, વિચારસ્વચ્છતાનો, વિધિસ્વચ્છતાનો, પૂજનસ્વચ્છતાનો, વ્યવહારસ્વચ્છતાનો, આન્તરસ્વચ્છતાનો સર્વદેશીય અન્તર્બાહિર સ્વચ્છતાનો એ ધર્મમાર્ગ: અને એથી જસ્ટિસ રાનડે શ્રીજી મહારાજને Last of the old Hindu Reformers કહેતા. ભાંગ ગાંજો તમાકુ તજાવી શ્રીજીએ ગૃહસ્થીનાં જીવન નિર્માદક કીધાં; રંગેલાં તુંબડાં ફોડાવી શ્રીજીએ સન્તોને નિર્મોહી કીધા; બાઇ ભાઇના દર્શનદ્વાર નિરનિરાળાં સ્થપાવી શ્રીજીએ દેવમન્દિરોને



પવિત્ર કીધાં, પંચ વર્તમાન ધરાવીને સાંપ્રદાયિકોને આચાર-શુદ્ધ કીધા, શિક્ષાપત્રી આપી વ્યવહારશુદ્ધ કીધા, વચનામૃતો સંભળાવી જ્ઞાનશુદ્ધ કીધા, પ્રેમભક્તિ વરસાવી અન્તર્શુદ્ધ કીધા. પર્વો ઉત્સવો સમૈયા ઉજવાવી જનતામાં ઉત્સાહ ઉભરાવ્યો. ભવ્ય મન્દિરો, અહિંસાત્મક યજ્ઞો, વિશુદ્ધ પૂજાવિધાન, પારણાં હિન્ડોળા વસન્તપંચમી જન્માષ્ટમીના વૈષ્ણવી મહોત્સવો, જળઝીલણી ને રામનવમીના સમારંભો કરી જનતાને જગાડી. પરિવ્રાજકની પેઠે ગામડે ગામડે ઘૂમી જનતાને ઉમંગી કીધી, ભાવ-હિન્ડોલે હિચકાવી. પ્રજાને ઉત્સાહ પાયો, સંસારને સજીવન કીધો.

મહાપુરુષો સંસારને સંજીવની છાંટે છે; સ્વામી નારાયણે આપણા ગુજરાતના સંસારને સંજીવની છાંટી સજીવન કીધો હતો.

શિક્ષાપત્રીમાંની એક વિશેષતા તો કસ્તૂરીમાંથી સુવાસ ભભૂકી ઉઠે એમ ભભૂકી ઉઠે છે: અને એ એની ને એના સંશોધકના આત્માની મહાભાવ ઉદારતા. શ્રીજીએ શ્રીમદ્ રામાનુજાચાર્યની ફિલસુફી સ્વીકારી છે (શ્લો. ૧૨૧) ને વ્રતોત્સ-વનાં પૂજાવિધાન વલ્લભી સંપ્રદાયમાંથી લીધાં છે (શ્લો. ૮૨) શ્રીમદ્ વલ્લભાચાર્યજીને શ્રીજીએ 'સર્વ વૈષ્ણવના રાજ' ભાખ્યા છે (શ્લો. ૮૧), અને શિવવિષ્ણુની એકતા પ્રતિપાદન કીધી છે (શ્લો. ૪૭) સામ્રાજ્ય સ્થાપવાને પણ હિંસા ન કરવી એવી ધર્મરાજ અશોકદેવને સ્મરાવતી અહિંસાની પરમ ધર્માજ્ઞા શ્રીજીએ જગતને ભાખી છે (શ્લો. ૧૩); અને મઠ તે સરસ્વતી-મન્દિર છે, માટે વિદ્વાન ગુરુ રાખીને મઠમાં પાઠશાળા સ્થાપ-વાની, બુદ્ધવિહારોમાં શારદાપીઠો પાંગરતી એ ઈતિહાસભાવના પુનઃ ઉચ્ચારી છે (શ્લો. ૧૩૨) કુળપરંપરાથી રુદ્રાક્ષ ને ત્રિપુંડ્

ધરનાર સ્વામીપન્થી બ્રાહ્મણે તુલસીકંઠી કે ઉર્ધ્વપુંડ્ર ન ધારવાની ઉદાર આજ્ઞા શ્લોક ૪૬ મામાં શ્રીજીએ કહી છે. એથી યે અધિકો સાધુઓને શોભતો શ્લોક છે ૨૦૧ મો:

ગાળ દે કે માર મારે કુબુદ્ધિ જન કો કદિ,
સહુ તે સ્હેવું સાધુએ: ને ત્હેનું હિત વાંછવું.

પણ શિક્ષાપત્રીની પરમ ઉદાર ભાવના છે શ્લો. ૨૩મામાં. પોતાના સંપ્રદાયીઓને પરસંપ્રદાયનાં ધર્મમન્દિરો વિશે શ્રીજી મહારાજે ધર્માજ્ઞા ફરમાવી છે કે

પેખી શિવાલયાદિ શાં માર્ગમાં દેવમન્દિરો,
વન્દી તે, કરવાં ત્ય્હાંનાં દેવદર્શન આદરે.

બાઇબલમાં ઇશૂ ખ્રિસ્તે પોતાનો મનોરથ ઉચ્ચાર્યો છે કે I come to fulfil, not to destroy. બે હજાર વર્ષો પછી શ્રીજી મહારાજે એથી યે અધિકો મનોરથ ઉચ્ચાર્યો છે કે I come not to destroy, but to harmonize.

શ્રીજી મહારાજ ભાંગવાને નહિ, સમારવાને પ્રગટ્યા હતા. શિક્ષાપત્રીમાં સંસારની ને ધર્મની ફૂલવાડીઓના ફૂલક્યારાઓની ભાંગેલી પાળો શ્રીજીએ સમારી છે.

ધર્મોપદેશોમાં લોકગત ભાષાનો સદુપયોગ, સંઘમાં સાક્ષરી કરતાં અન્યથા જનમેદિનીનું બાહુલ્ય, મઠોમાંની પાઠશાળાઓમાં સરસ્વતીસ્થાપન, ઉગ્રવૈરાગ્ય ને ભીષ્મવ્રતધારી સંન્યાસીમંડળો, સર્વથા જીવનશુદ્ધિના સહસિદ્ધાન્તોનો પરમ ધર્મોપદેશ, સન્તમંડળોની દેશભરમાં સાચી પરિવ્રાજકતા, ભવ્ય મન્દિરો, સંઘના સમૈયા, વૃન્દપૂજા, વચનામૃત, શિક્ષાપત્રી,



અહિંસાયજ્ઞો, વ્યવહારશુદ્ધિ: એ સહુ પ્રાચીન કાળે બૌદ્ધ ધર્મનાં કલ્યાણલક્ષણો હતાં, વર્તમાન કાળે સ્વામી નારાયણ સંપ્રદાયનાં કલ્યાણલક્ષણો છે. બન્ને ધર્મમાર્ગોના ભેદો યે મ્હોટા છે, પણ સામ્યો ન્હાનાં નથી. બૌદ્ધ ધર્મ જગત્ધર્મ છે, ઉદ્ધવી સંપ્રદાય ગુજરાતનો ધર્મમાર્ગ છે. સ્વામી નારાયણ સંપ્રદાય પણ ગાયત્રીમન્ત્રમાં ભાખેલા જ સવિતાદેવના ભર્ગનીરનું સરોવર છે.

સ્વામીનારાયણ સંપ્રદાયનાં મ્હારાં સ્મરણો તો હવે આછાં થયાં છે. પણ એ આછાં થયાં છે, છતાં ભૂંસાયાં નથી. જીવનની સાથે જન્મે છે તે જીવનની સંગાથે ભૂંસાય છે. ને એ સંપ્રદાયનાં કેટલાંક સ્મરણો તો એટલાં કવિતામય છે કે પછી એવી ધર્મકવિતા ઓછી દીઠીઅનુભવી છે. પ્રથમ સ્મરણ તો પચ્ચાસ વર્ષની યે પહેલાંનું છે.

એ વાતને અર્ધી સદી આજ વીતી ગઇ છે. વાળુ કરીને અમે બાળકો બાને વીંટી વળી ઘેરીને બેસતાં, ને કહેતાં 'બા! કહોને.' પછી બા મન્દિરે કથામાં સ્હાંજે શ્રવણ કરી આવેલી શ્રીમદ્ ભાગવતમાંની વાતો અમને કહેતાં. અને છેલ્લે કીર્તન સંભળાવતાં કે

કેમ કહો છો ગાય ન્હોતી ? મ્હારા વ્હાલા !
કેમ કહો છો ગાય ન્હોતી રે ?
નન્દના ગોવાળીલાલ ! ત્હમને ભળાવી,
કેમ કહો છો ગાય ન્હોતી રે ?

સહુ બાળકોને જૂનાંમાં જૂનાં સ્મરણો હોય છે પોતાના કુળધામનાં મ્હારાં જૂનાંમાં જૂનાં સ્મરણોમાં સ્વામી નારાયણ સંપ્રદાય આમ ઓતપ્રોત છે.

અમારા પિતૃગૃહની ન્હાની સરખી અગાશીમાંથી ધ્રુવ-દિશામાં નિરખતાં પાળબાંધ્યું એક ચોખંડ અન્તરિક્ષનું સરોવર જાણે દેખાય છે. એની ત્રણ પાળો બાંધેલી છે સ્વામીનારાયણના મન્દિરની હવેલીઓથી; ને વચ્ચે છે અવકાશનાં પાણી ભરેલું જાણે ઘેરગંભીર સરોવર. એ ગગનગોમતીની મધ્યે છે બ્રહ્મપદ્મ સમાં મન્દિરનાં ત્રણ શિખરો; ને શિખર ઉપર છે સૂર્યપ્રભામાં ઝળહળતા, બ્રહ્મા, વિષ્ણુ ને શિવના તેજલિંગ સમા, ત્રણ સુવર્ણકળશો. અને એમની યે ઉપર, આકાશના સુવિશાળ ચન્દરવાની નીચે, ઉડતા ફડફડતા હોય અર્જુનના રથ ઉપરના જેવા ત્રણ કપીધ્વજો. કલાકોના કલાકો પર્યન્ત એ અન્તરિક્ષનું સરોવર કિશોરાવસ્થામાં હું નિરાળી રહેતો. કંઈક અગોચર આકર્ષણ આંખોને ત્યહાં જાણે જડી રાખતાં: અનિમિષ આંખો જાણે મન્દિરશિખરના સન્દેશ પીતી.

સ્વામીનારાયણ ધર્મમાર્ગનાં ત્રણ દર્શનો મ્હારા સ્મૃતિ-પટે અક્ષરલિપિએ આલેખાયેલાં છે. એક તો મન્દિરમાંની રાત્રીની કથા. સમીપે મન્દિરચોકમાં અન્ધકાર ઢોળાયેલો હોય, આવે જગતચોકમાં નીરવ શમશમાકારની પાંખે રજનીરાણી ઝમઝમતી હોય. હલકી ટાઢમાં ઉત્તરીય ઓઢેલું ભક્તમંડળ માળા ફેરવતું એકદૃષ્ટ ટમટમતું હોય, અન્તર્દીપ સમો ઝીણો ઝીણો દીવડિયો મટમટતો હોય: એવે સન્તમંડળની દૃષ્ટિઘટાને વીંધતો, સણસણતા ધર્મબાણ સરિખડો, શાર્દૂલવિક્રીડિતનો પ્રચંડ મયૂરટહુકાર પુરાણીમુખડેથી નિર્ઝરે કે

श्रीमन्नूतननीरदाभ्रतनवे, श्रीमाधुरीमूर्तये,
स्वगत्तुंगतुरंगसंगिवृतये चंचच्चलल्लासने;
नानाहारमनोहराय हरये, यष्ट्यालसत्पाणये,
तस्मै श्रीगुरवेऽभवाय सहजानन्दाय वन्दामहे.



સોનાના તારે રેશમ વીંધાય એમ સભામંડપમાંની શાન્તિ વીંધાય, ભક્તમંડળની દૃષ્ટિઘટા વીંઝાય–વિલોલ થાય, મન્દિર-ચોકમાંનો અન્ધકાર થરથરી ઉઠે, રજની રાણીનાં અન્ધાર-અંબરે ઉજળાં થાય: ને પછી કથા જામે.

બીજું અણભૂંસાતું દર્શન છે સ્વામીનારાયણના સન્ત-મંડળના રાસનું. બુદ્ધ ભગવાન સંઘના સમૈયા ભરતા ચતુર્માસમાં જે ઉપવનમાં ભગવાનનો વાસ હોય ત્યહાં જાણે સંઘસુજનતાનાં મોજાંઓની ભરતી ઉભરાતી. સ્વામી નારાયણ સંપ્રદાયના ઉત્તર દેશના પ્રબોધિની એકાદશીના ને રામનવમીના એવા સંઘસમૈયા શ્રીપુરમાં ભરાય છે, વસન્તપંચમીના ને જન્માષ્ટમીના સમૈયા મૂળીના ભરાય છે. જતી શરદની છેલ્લી રાત્રીઓની જમાવટ કે બેસતી ગ્રીષ્મની સુકોમળ ઉષ્માની પહેલી લહરીઓ ઉછળતી રજનીપગલીઓ અણુરવ પડતી હોય; નિર્મળા ઉંડાં નભોમંડળમાં ચમકારા મારતો એકાદશીનો ચન્દ્રમા ઠમકતે પગલે વિચરતો હોય; મન્દિરના વિશાળ ચોકમાં છમછમિયાં પાણી જેવી ચન્દની પગ ભીંજવતી રેલાતી હોય; વચ્ચેની માંડવીમાંની દીપમાળા, આકાશઝળકતી તારકમાળ સમી, ઝંખવાતી ઝગઝગતી હોય; ત્યહાં કાષાયધારીઓનું રાસમંડળ ઘૂમણે ચ્હડે ને રાત્રીમાં બોલતા મોરલા સમો રાસનો ટહુકો ગાજી ઉઠે કે,

વન્દું સહજાનન્દ રસરૂપ
અનુપમ સારને રે લોલ.

અને ત્રીજું અણલોપાતું દર્શન છે એ સંપ્રદાયની સાયં-આરતીનું. વૃન્દપૂજાનું એવું કવિતાસોહામણું ભવ્ય દર્શન અન્યત્ર

દીધું નથી. આ શિક્ષાપત્રીના ૬૩ મા શ્લોકમાં જેની શ્રી હરિએ ધર્માજ્ઞા કરી છે તે એ સાયં આરતી.

સાયં સમે જવું નિત્યે સર્વેએ હરિમન્દિરે;
રાધાવરનું મ્હોટે ત્યાં કરવું નામકીર્તન.

Congregational Worship—સંઘપૂજાનું વધારે કવિત્વમય વિધાન દીઠાનું સ્મૃતિ ના પાડે છે. આશરે કલાકેકનો એ વિધિ છે. ગીત, ધૂન, મૌન, શ્લોકોચ્ચાર, દંડવત; ઘંટડીઓ, ઘંટાઓ, તાલીનાદ, દુંદુભી; ધૂપ દીપ એકશીખ પંચશીખ સપ્તશીખ ષોડશશીખ આરતી; સ્તુતિ ભક્તિ મહિમાભાવ Creed: ઉચ્ચારણ: એ સહુનો એ એકલક્ષ્ય સમારંભ. સન્ધ્યાકાળના પડછાયા પથરાતા હોય, અગમ્યના ઓળા ઉતરતા હોય એ મુહૂર્તનો એ નિત્યવિધિ. સૂર્યના તડકા આથમી જાય પણ દિવસનું નિર્મળુ અજવાળું હોય ત્ય્હાં સ્હાંજની કથા પૂરી થાય, ને સભામંડપમાં તેજઅન્ધારની પગલીઓ પડતી પરખાય ત્ય્હાં ગોડીનાં કીર્તન મંડાય:

શ્યામની છબિ, રે સખિ ! શ્યામની છબિ;
જોને ફૂલડાંથી છાઇ સખિ !
ફૂલડાંથી છાઈ સખિ ! શ્યામની છબિ.
ફૂલડાંના તોરાની ફોરે ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને ઓપે
અંગોઅંગ હરિને ઓપે
ફૂલડાંના શણગાર;
શ્યામનિ છબિ.



ગીરધારી રે સખિ ! ગીરધારી;
મ્હારે નીરખે અખૂટ નાણું,
નીરખે અખૂટ નાણું ગીરધારી.

પછી તેજે ન કહેવાય ને અન્ધારે ન કહેવાય એવી જગત સમી ઝાંખી સન્ધિકામાં સન્તોના કીર્તન ગર્જતાં હોય, ને અમે બાળકો આરતીના ડંકા સંતાડવાની સ્પર્ધા ખેલતા હઈયે; ત્ય્હાં ઘંટડીઓ રણુકે, દીવડિયા પ્રગટે, પડદા ઉઘડે, મેઘશબ્દે દુંદુભી ગડગડે, ને મંજુલપંખાળો ઘંટારવ ગગન ભરી ઉડે. હરિજનોનો આરતીગીતનો ઘેરો ઘોર પણ ગાજી ઉઠે, આરતી પૂરી થયે તાલીનાદે ને ડોલનશૈલીમાં હરિનું નામસ્મરણ ત્ય્હાં આરંભાય.

આનન્દકન્દ ભજે માધવમુકુન્દા;
વૃન્દાવનચન્દ ભજે માધવમુકુન્દા;
નારાયણ હરે ! શ્રીમન્ નારાયણ હરે !

પછી સ્વામી નારાયણ નામની ધૂન ને મૌન ધૂન થાય. ને પછી

નવીનજીમૂતસમાનવર્ણમ્ થી મંડાતું

શ્રી રાધિકાક્રૃષ્ણમહં નમામિ નું અષ્ટક ભક્તવૃન્દ ઉચ્ચારે. ને છેલ્લે છેલ્લે શ્રી હરિ સન્મુખે પરમાવધિ અધીનતાના દંડવત કરતાં કરતાં સકળ સમૂદાય Creed બોલી જાય. અને તે પછી પૂજનીયને પાયે લાગી, પરસ્પરને વન્દન વન્દી, સહુ સહુને આસને બેસે. રાગ ભાવ ભાષા સાજની વિવિધતામાં, પ્રકૃતિ-વર્ષતી સોહાગલક્ષ્મીમાં, ત્રિકાળસન્ધ્યાની શાસ્ત્રીયતા સ્મરાવતી સનાતનતામાં, એ ગહરા સમયનું વૃન્દપૂજનનું ધર્મવિધાન, નિત્યસન્ધ્યા સમોવડ, ભવ્ય કવિતામય છે. શ્રીજીએ એ સંઘ-

પૂજાને વૈષ્ણવી સાથ સન્ધ્યા ભાખી છે. નિત્યનિત્ય દિવસમાં રાત્રિ ઢોળાય છે એ રામગ્રની એ સંઘભક્તિ છે.

અને એ સંપ્રદાયમાં પળાતું ઉગ્ર બ્રહ્મચર્ય તો આજે યે એવું જ છે. જોવે બોલાવે સ્પર્શાવે સ્મરવે—એમ અષ્ટધા નારી વર્જવાની એના ભીષ્મવ્રતધારીઓને ધર્માજ્ઞા છે. જયા—જયન્ત-માંની નૈષ્ઠિક બ્રહ્મચર્યની ભાવના તો એ ઉગ્ર બ્રહ્મચર્યની આછીપાતળી છાયા જ છે. સાંભળ્યું છે કે અમદાવાદના સ્વામી મન્દિરના સભામંડપમાં એક વેળા ધર્મસભા મળી હતી, અને અન્ય સંપ્રદાયોના ભક્તો પણ ત્યહાં વિરાજતા ને વ્યાખ્યાન કરતા હતા. નિત્ય નિત્યે સેંકડો માનવીનાં અવરજવરનું એ જાહેર સ્થાન છે ત્યહાં એવે અન્ય સંપ્રદાયી એક ભક્તરાજ હકીકત ઉચ્ચર્યા કે ‘સો વર્ષથી જ્યહાં સ્ત્રીનું પગલું યે પડ્યું ન હોય એવો આ સ્વામીમન્દિરનો સભામંડપ છે.’ ઉડતા પંખીનો જ્યહાં પડછાયો યે ન પડ્યો હોય ત્હેને શાસ્ત્રમાં કુંવારિકા ભૂમિ કહી છે: એમ સો વર્ષમાં જ્યહાં સ્ત્રીજાતિનું પગલું યે નથી પડ્યું એ બ્રહ્મચારિણી ભૂમિ કહેવાય. અમદાવાદ શહેરમાંનો સ્વામી મન્દિરમાંનો સભામંડપ ખરે! બ્રહ્મચારિણી ભૂમિ છે. આપણા દેશમાં જ્યહાં જ્યહાં સ્વામી નારાયણનાં મન્દિરો છે, ત્યહાં ત્યહાં બધે એવી બ્રહ્મચારિણી ભૂમિ છે, ત્યહાં ત્યહાં બધે એવું ઉગ્ર બ્રહ્મચર્ય છે. સ્વામી નારાયણ સંપ્રદાય એટલે ભીષ્મવ્રતી નૈષ્ટિક બ્રહ્મચર્યનો સંપ્રદાય.

સત્યની પેઠે સંપ્રદાય નેપારખવાના પણ કેટલાક ઇતિહાસ-પ્રસિદ્ધ સિદ્ધાન્તો છે. એ સિદ્ધાન્તોથી સ્વામી નારાયણ સંપ્રદાયને જરા પારખિયે. સંપ્રદાયની ફિલસુફી ને કવિતા,



સંપ્રદાયના સન્તો ને સાંપ્રદાયિકો, સંપ્રદાયની લાક્ષણિક વિશેષતા, સંપ્રદાયના વિધિનિષેધ ને શીલસદાચરણ, સંપ્રદાયની સફળતા ને વિજયસિદ્ધિ: એ સહુને ઇતિહાસ કેવાંક ઉચ્ચારે છે એના ઉત્તરમાં ન્હાના કે મ્હોટા ધર્મમાર્ગનો દિગ્વિજય છે.

ઈશૂ ખ્રીસ્તના બાર એપોસ્ટલો હતા; મહાવીર પ્રભુના અગિયાર ગણધર હતા; બુદ્ધ ભગવાનનાં પાંચેક આદ્ય ભિક્ખુઓ હતા; શંકરાચાર્યના ચાર પટ્ટશિષ્યો હતા; વલ્લભાચાર્યજીના અષ્ટ સખા હતા. એ સહુ હતા તે તે ધર્મમાર્ગના સ્તંભો. એમને માથે ધર્મના મહેલ રચાયા ને ઉભા છે. એમનામાં જેટજેટલા અમર અંશો, એટએટલું તે તે ધર્મનું આયુષ્ય. સ્વામી નારાયણ ધર્મમાર્ગના ધર્મસ્તંભો કેવાક હતા? મુક્તા-નન્દ, બ્રહ્માનન્દ, પ્રેમાનન્દ, ગોપાળાનન્દ, નિષ્કુળાનન્દ, મુકુન્દા-નન્દ, ભૂમાનન્દ, દેવાનન્દ, નિત્યાનન્દ, વાસુદેવાનન્દ: વર્ણીના ગુરુ-દેવ રામાનન્દ સ્વામી સમોવડ આજે છબિઓમાં એમની છાયાઓ પણ પુણ્યપ્રતાપી ને ધર્મપ્રેરણાભરી ભાસે છે. પ્રેમાનન્દની પ્રેમભક્તિ, ગોપાળાનન્દની યોગવિશારદતા, નિષ્કુળાનન્દનો વૈરાગ્ય, બ્રહ્માનન્દના બ્રહ્મપડછન્દા: અને સહુનાં વૈરાગ્ય ને સાધુતા ભારતના સનાતન કાષાયને યે શોભાવે એવાં હતાં. સૂર્ય ફરતી સૂરજમાળ ને ચન્દ્ર ફરતી નક્ષત્રમાળ છે એવી સહજાનન્દ ફરતી બ્રહ્મચર્ય ને વૈરાગ્યની સાક્ષાત મૂર્તિઓ સમી સન્તમાળ સોહાતી.

સર્વે સખી જીવણ જોવાને ચાલો રે;
શેરડીઓમાં આવે લટકતો લાલો રે.
ભેળાં આવે મહાજન મુનિના વૃન્દ રે;
ત્હેમાં શોભે તારે વીંટ્યો જ્યમ ચન્દ રે.

એ પદમાં કવિતાની અતિશયોક્તિ નથી, સંપ્રદાયના સોહાગનું ત્યહારનું સત્ય છે. કલકત્તાના બીશપ હેબરને શ્રીજી મહારાજની સન્તમંડળીનાં દર્શન નડિયાદમાં થયાં હતાં. એ સાંપ્રદાયિકમંડળના બીશપ હેબરને કોડ જાગ્યા હતા કે ‘આવું સન્તમંડળ મ્હારે હોય તો!’

શ્રીજી મહારાજનો સાંપ્રદાયિક દિગ્‌વિજય પણ એવો જ જયવન્તો હતો. સ્વામી નારાયણનો જન્મ ઈ. સ. ૧૭૮૧ માં અને અવસાન ઇ. સ. ૧૮૩૦ માં. બ્રહ્મસમાજના સંસ્થાપક રાજા રામમોહન રાય એમની પૂર્વે પાંચેક વર્ષે જન્મ્યા હતા, એમની પછી ત્રણેક વર્ષે વિદેહ થયા: રાજા રામમોહન રાય શ્રીજીના સમગ્ર જીવનના સમકાલીન મહર્ષિ દયાનન્દ સરસ્વતી, પરમહંસ રામકૃષ્ણ ને સ્વામી વિવેકાનન્દ, મેડમ બ્લાવેસ્ટકી: ભારતીય નવયુગના એ સૌ નવસંપ્રદાયસંસ્થાપકો શ્રીજી મહારાજનાં અનુજો હતાં. ભારતના એ નવસંપ્રદાયો સાથે સ્વામી નારાયણ સંપ્રદાયને સરખાવી જોયે ઉદ્ધવી સંપ્રદાયની મહાધર્મસિદ્ધિ સ્હમજાશે. સૌ સૌના સાંપ્રદાયિકોની સંખ્યા ભાવપૂર ને સમર્પણ, એમનાં મઠો ને મન્દિરો, એ ધર્મ-પ્રાસાદોમાં વસતાં વૈરાગ્ય ને સાધુતા, એમનાં કથા કીર્તન પૂજાવિધાન, એમનાં પર્વો ઉત્સવો ધર્મસમૈયા: સરખાવી જોયે સ્વામી નારાયણ સંપ્રદાયની ધર્મસિદ્ધિ ને સાફલ્યલક્ષ્મી સહેજે પરખાશે.

અને શ્રીજીના સાંપ્રદાયિકોની ઉજળામણ! મન્દિરમાંના ધૂપ દીપ ફૂલ ચન્દન આરતીનાં સૌરભ; સભામંડપોમાં ગાજતો હરિકથા ઘોષ; મઠોમાંનું ભાંગ ગાંજો માંસ મદિરા તમાકુશૂન્ય



વિશુદ્ધ વાતાવરણ; વણશીવ્યાં ઉત્તરીય ઓઢેલાં, સ્હવારના સુકુમાર તડકાના રંગના કાષાયધારી, સાધુમંડળો; સ્નાને શુદ્ધ, આચારવિચારે શુદ્ધ, વસ્ત્રપરિધાને ને વ્યવહારમાર્ગે શુદ્ધ, એમનાં સાંપ્રદાયિકોના સમુદાયની ઉજળામણ; જગતની સપ્ત-રંગી જનમેદિનીના સંસારસંઘમાં ભાત પાડે એવાં છે. મન્દિરો સ્વચ્છ, મઠો સ્વચ્છ, ઉત્સવો સ્વચ્છ, પૂજન દર્શન સ્વચ્છ, કથાકીર્તનો સ્વચ્છ, આચારવ્યવહાર સ્વચ્છ: સ્વામી નારાયણ સંપ્રદાય એટલે સ્વચ્છતાનો સંપ્રદાય. એની ઉજળા-મણ જ અનોખી.

શ્રીજી મહારાજે માનસી પૂજાને શ્રેષ્ટ ભાખી; કળી-કાળમાં અહિંસા યજ્ઞો પ્રવર્તાવ્યા; મઠોમાં પાઠશાળાઓ સ્થાપી; વિશિષ્ટાદ્વૈતની ફિલસુફી સ્વીકારી પ્રવર્તાવી; પ્રેમભક્તિને પ્રધાનપદ આપ્યું; મદ્યમાંસનો નિષેધ ઉચ્ચાર્યો; શ્રી હરિના નામસ્મરણનો મહિમા કથ્યો; મહિમા સાથે ભક્તિ ને જ્ઞાન સાથે વૈરાગ્ય વર્ણવ્યો; સંસારે નહિ, પણ મઠોમાં ચાતુર્વર્ણ્ય-પદ્ધતિ સજીવન કીધી; આચારશુદ્ધિ ને આચરણશુદ્ધિ સદ્‌બોધી ને સધાવી; જીવનની ઉત્સવોની પૂજનદર્શનસંબોધનની નીતિ-મયતા ઉપર ભાર મૂકયો; એ સહુને એમની પછીનાઓએ સ્વીકાર્યો ને સાક્ષી પૂરી નથી શું? નવયુગના પ્રભાતના સ્વામી નારાયણ પ્રભાતસૂર્ય હતા.

મહારાજ અશોકદેવનું એક પરમ ધર્મસૂત્ર હતું કે ‘આ લોક ને પરલોક સુધરે એવું આચરજો.’ મૃત્યુ પછી જ જન્માન્તરમાં ધર્મ તારે છે અને આ જન્મમાં આ સંસારે ધર્મ ઉદ્ધારતો નથી એમ માનનારાંઓની ધર્મભાવના

અલ્પદેશી છે, સર્વદેશી નથી. ધર્મ અંહિયાં યે ઉદ્ધારે. માનવીનું 'ઐહિકઆમુષ્મિક કલ્યાણ' સધાવે એ સાચો ધર્મ. સ્વામી નારાયણીય સન્તસાધુઓનો એ જ સદ્બોધ સાંભળ્યો છે કે 'આ લોક ને પરલોક સુધરે એવું આચરજો.' અને પરધર્મીઓની એની અજબ સાક્ષીયે સાંભળી છે. ઇ. ૧૮૮૯માં કાઠિયાવાડમાં એક કાજી સાહેબને ત્ય્હાં હું ફારસી શીખવાને જતો. વૃદ્ધ કાજી સાહેબ વારંવાર કહેતા કે 'સ્વામીપન્થી થાય છે તે સુખી થાય છે. પેલો દરજી સ્વામીપન્થી થયો; પેલો કણબી સ્વામીપન્થી થયો; સ્વામીપન્થી થયો ત્ય્હારથી સુખી છે.' ધર્મ માત્ર ભાવના નથી; સંસારઆચ્છાદતી માયાની Idealismને પણ જીતે એવી એ વ્યવહારવિજયિની ભાવના ને પ્રેરણા છે. સ્વામી નારાયણ ધર્મમાર્ગના સદ્બોધ ને સદાચાર એવાં છે કે જન્મે સુધારે ને જન્માન્તરે સુધારે.

સ્વામીસંપ્રદાયનાં મન્દિરોમાંનું ધાર્મિક વાતાવરણ, એના સન્તમંડળનાં સાધુતા ને વૈરાગ્ય, એના સાંપ્રદાયિકોની ઉજળામણ, એના ઉત્સવોનાં ઉત્સાહબોધ ને પ્રેરણાપૂર, એના વિધિનિષેધની સદાચરણીયતા અન્ય સંપ્રદાયો પ્રત્યેની એની ઉદાર મહાનુભાવિતા, એનાં પૂજાવિધાનની નિર્મળતા પવિત્રતા પાવનકારિતા, એના મઠોમાંની શાસ્ત્રકથાઓ પાઠશાળાઓ જ્ઞાનવાર્તાઓ: એ સૌ ઉપરાન્ત સંપ્રદાયનું સવિશેષ ધર્મરહસ્ય કંઈ છે? ધર્મનું ને ધર્મમન્દિરનું પરમ રહસ્ય એ છે કે સંસારના અગ્નિ જ્ય્હાં હોલવાય એ ધર્મમન્દિર. દલપતરામ સંસારને સાપનોળિયાનો નિત્યસંગ્રામ



કહેતા, ધર્મમન્દિરને નોળિયાની નોળવેલ કહેતા. સંસારસંગ્રામે સર્પદંશોનાં ઝેર જેને ચ્હડ્યાં હોય તે ધર્મમન્દિરે જઈ નોળવેલ સૂંઘી આવ્યે એના સંસારનાં ઝેર ઉતરી જાય. સંસારનાં ઝેર ઉતારે નહિ એ ધર્મ નથી, ધર્મમન્દિર નથી. ઉરના અગ્નિઓ હોલવે એ ધર્મ, અન્તરની ગાંઠો ઉકેલાવે એ ધર્મગુરુ. અધૂરો હોય તો વાંચક! એક અનુભવ કરી જોજો; મુંબઇ કે અમદાવાદ જેવી પ્રવૃત્તિપરાયણ નગરીમાંયે કય્હારેક જઈને સ્વામી નારાયણ સંપ્રદાયના મન્દિરની ઘુમ્મટઘટા નીચે બેસી આવજો. અને ત્ય્હાં તમને લાગે કે અન્તરિક્ષમાંથી શીતળતાના બુન્દ વરસે છે, આત્મા ઠરે છે, અન્તરને ટાઢક વળે છે, ઉરના ને અંગના અગ્નિ શાન્ત પડે છે: ટૂંકામાં દેહમાં ને ચેતનમાં ઝીણાં ઝીણાં-અતિ ઝીણાં અમીઝરણાં પ્રગટે છે, તો જ એ સંપ્રદાયને અનુભવથી ધર્મમાર્ગ માનજો.

કોઈ પણ ધર્મમાર્ગનાં ફિલસુફી કે પ્રકૃતિપુષ્પ સમાં તત્ત્વજ્ઞાનનાં મહાસત્યો, યોગ વૈરાગ્ય કે ઉદારતા, ઉજ્જ્વળતા આત્મસાન્ત્વન જાહોજલાલી કે પ્રચારવિસ્તાર: એ સહુ ઉપરાન્ત કંઈક અદૃશ્ય ને અગમ્ય હોય છે. એ એના આત્મતત્વની ફોરમ. સંપ્રદાયની એ આત્મસૌરભ સંપ્રદાયની કવિતામાં પ્રગટે છે, પ્રસરે છે, ભભૂકી ઉઠે છે. ફૂલ જેમ સુગન્ધથી પરખાય, સંપ્રદાય એમ એની કવિતાથી પરખાય. આ યુગના કોઈ પણ નવસંપ્રદાયમાં હજી નથી જન્મી એવી ને એટલી સ્વામી નારાયણ સંપ્રદાયની કવિતા છે. એ ખરૂં કે દયારામભાઇના વીજળઝબકાર જેવા કલ્પનાતરંગ એ સંપ્રદાયની કવિતામાં નથી. પણ દયારામભાઇનાં તનમનાટ તાલાવેલી

ઉછળાટ ને આવેગ એમાં તાદૃશ્ય ખડાં છે. નરસિંહના ભરવેગ ભાવપૂર, મીરાંનું લાડસોહામણું લાવણ્ય, ભોજાના ચાબખા, અખાના હથોડા, ધીરાની કાફીઓ, રત્નાના મહિના, રાજેના તલસાટ: કવિતાના એ સહુ રસપ્રકારો સ્વામી નારાયણીય કવિતાભંડારે ભરેલા છે. બ્રહ્માનન્દના પડછન્દાના ઝપાટા ભોજાના ચાબખાને ભૂલાવે એવા છે; પ્રેમસખીની પ્રેમલક્ષણા ભક્તિ એમના જ સમકાલીન દયાસખીની પ્રેમલક્ષણાથી લેશે ઝંખવાય એવી નથી. અર્જુનથી માંડીને આર્યાવર્તના ભક્તરાજો એ જ વિનવતા આવ્યા છે કે

સખા ગણી, સ્નેહથી, કે પ્રમાદે, 'હે કૃષ્ણ!' 'હે યાદવ!' 'હે સખે!' શાં,
ન જાણતાં આ મહિમા ત્હમારો, અયોગ્ય જે વેણ હુંથી વદાયાં;
વિહાર શય્યાસન ભોજને, વા એકાન્ત, કે અચ્યુત! સૌ સમક્ષે,
વિનોદમાં જે અવિવેક કીધા, ક્ષમા કરો એ સહુ, અપ્રમેય!

આર્યાવર્તના ભકતરાજો ભગવાન શું લાડે છે. સૂરદાસ તુલસીદાસ ચૈતન્ય તુકારામ નરસિંહ મીરાં—સહુ, સુદામાની પેઠે, શ્રી હરિ શું લાડે છે. ભકતરાજોનો સખાભાવ ઉભરાય છે ત્ય્હારે ત્ય્હારે શ્રી હરિ પૂજ્ય મટી સખા થાય છે, ને પૂજન મૂકી સંખ્યમાં સન્ત માણે છે. નરસિંહ મહેતા કહે છે તેમ 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એવી સખાભાવની ભરતીમાં મહાભકતો ત્ય્હારે ડોલે છે.

આજ મ્હારે ઓરડે રે કે આવ્યા અવિનાશી અલબેલ.
કહોને હરિ! ક્ય્હાં હતા રે? કે ક્ય્હાં થકી આવ્યા! ધર્મકુમાર!

અથવા

આવોને ઓરા છેલછબીલા! મ્હારી શેરીએ;
આવોને ઓરા, હેત કરીને મ્હાસું હેરીએ;



અથવા

મ્હારા જનમસંગાથી જદુરાય રે! ગિરિવરધારી રે!
ત્હારી મૂરતી વસી છે મન માંહ્ય રે! ન મેલું ઘડી ન્યારી રે;

અથવા

સખિ! વાગે છે મહાવન માંહ્ય રે વાલીડાની વાંસલડી;

અથવા

જોઇ રસિયો રૂપાળો રંગરેલ રે ઘેર જવું નથી ગમતું;

સ્વામી નારાયણ સંપ્રદાયના ભકતરાજોનાં એ અને એવાં કીર્તનોમાં સખાભાવની સુરભિમ્હેકતી પ્રેમભક્તિની પરમ કવિતા છે. અને વૈરાગ્યની કવિતા તો એ ધર્મમાર્ગના મહાતપસ્વી ત્યાગમૂર્તિઓની જ.

જાવું છે રે, જાવું છે રે,
જાવું છે નિદાન,
ભજ ભગવાન;
રે જીવ! જાવું છે;

અથવા

કુળ રે તજીને નિષ્કુળ થયા, એનું કુળ અવિનાશી જી:

વનલોક ને તપોવનની ઘોષણાએ ગાજતી એ કવિતાની સમોવડ વૈરાગ્યકવિતા નવસંપ્રદાયોએ કઇ કઇ લખી છે? પ્રોટેસ્ટેન્ટીઝમની છાયા ઝીલતા સંપ્રદાયોને વૈરાગ્યભાવનામાં શ્રદ્ધા જ ઓછી હોય છે.

ફૂલની કીંમત એની ફોરમથી છેઃ સંપ્રદાયની કીંમત એની કવિતાથી છે, ઉરમાંથી ઉછળતી ફૂવારાધારાઓથી છે. વૈષ્ણવ ધર્મની પરમ લક્ષ્મી એનું જ્ઞાન નથી, એની પ્રેમભક્તિ છે; એની ફિલસૂફી નથી, એની કવિતા છે. વૈષ્ણવી કવિતા એટલે પ્રેમભક્તિના સ્વયંભૂ ફૂટતા ફૂવારા. વાવકૂવાઓમાં પૃથ્વીહૈયાનાં ધાવણ સમી પ્રગટતી સરવાણીઓ એ જ એ વાવકૂવાની સજીવનતા છે. સૂર્યનાં પ્રોજ્જ્વળ કિરણો કરતાં એનાં અદૃશ્ય કિરણો વેગવન્તાં બળવન્તાં કારમા મહાગગનવિહારી છે; સંપ્રદાયની યે એ અદૃશ્ય ને અગમ્ય ભાવભરતીથી સંપ્રદાય સુવાસિત રહે છે ને સંસારને સુવાસિત કરે છે. સ્વામી નારાયણ સંપ્રદાયનાં ભક્તિ વૈરાગ્ય કવિતાથી ગુજરાત સુવાસિત છે. વૈષ્ણવતાના મ્હારા કોડ નરસિંહ મીરાં દયારામ ને સ્વામી નારાયણીય કવિવરોએ પૂર્યા છે એથી અધિકા એક શ્રીમદ્ ભાગવતે જ બહલાવ્યા છે. શ્રીમદ્ ભાગવત એટલે જગતનું પ્રેમભક્તિનું પરમ કાવ્ય.

એ તો નિર્વિવાદ છે કે બ્રહ્માનન્દ કે પ્રેમાનન્દ, નિષ્કુળાનન્દ કે ગોપાળાનન્દ, દેવાનન્દ કે દલપતરામ આજે સ્વામી નારાયણ સંપ્રદાયમાં નથી. એમની ગાદીઓ તો ખાલી જ પડી છે. પણ કિયા સંપ્રદાય પરત્વે એ કહેવાય એમ નથી ? મહર્ષિ દેવેન્દ્રનાથની કે બ્રહ્માનન્દ કેશવચન્દ્ર સેનની ગાદીઓ બ્રહ્મસમાજમાં કોણ શોભાવે છે આજ ? મહર્ષિ દયાનન્દ સરસ્વતીની કે કુલપતિ શ્રદ્ધાનન્દજીના પાટ આર્યસમાજમાં કોણ શોભાવે છે આજ ? પરમહંસ રામકૃષ્ણની કે વિશ્વધર્મ પરિષદના વિજેતા સ્વામી વિવેકાનન્દજીની ધૂણીઓ બેલૂરમઠમાં કોણ શોભાવે છે આજ ?



સૈકા પૂર્વે હતો તે સ્વામી નારાયણ સંપ્રદાય આજે નથી. પત્થરને યે પીગળાવે એવો સદ્બોધ; જોજન જોજન હાક વાગતી એવા જોબન વડતાળાના ને આરાવલ્લીના કોતરવાસી લાડુ બ્હારોટના મહાસન્ત સરજાવે એ ધર્મબળ; પ્રેમભક્તિની મૂર્છના કે યોગસમાધિની શાન્તિમાં ક્ષણેકમાં વિલીનાવે એ અગોચરની યોગસાધના એ ખરૂં છે કે, આજે સંપ્રદાયમાં નથી. સ્વામી નારાયણ સંપ્રદાયમાં હતું એ આજ નથી એ ખરૂં; છતાં તે 'ભાગ્યું ભાગ્યું યે ભરૂચ' છે. જૂના નવા સહુ સંપ્રદાયોને ઝાંખપ ચ્હડી છે ને આને યે સોએક વર્ષની રજોટી ઉડી છે. રહ્યા હોત તો કદાચ સદ્ગત શીલમૂર્તિ કાશીરામ દવે એ રજનાં થર ધૂવત ને સંપ્રદાયને પાછો રજનિર્મળ સાત્ત્વિક કરત. પણ હરિઇચ્છા ચક્રવર્તીની યે ચક્રવર્તી છે. છતાં નવાજૂના સંપ્રદાયોમાં ફરી વળજો: રોજ પાંચ પાંચ વેળાની સત્કથા, અખંડ ઉઘાડાં દેવદર્શન, સાંપ્રદાયિકોની ઉજળાશ, કાષાયનું એટલું જોમ ને પવિત્રતા, ભાંગ ગાંજો મદ્ય માંસવિશુદ્ધ વાતાવરણ, બ્રહ્મચારિણી ભૂમિ ને બ્રહ્મચર્યનાં ભીષ્મવ્રત, પ્રેમભક્તિની ભરતી, વૈરાગ્યની વિરતિ, આત્મસાન્ત્વનનાં શીતળ અમીધારા, કવિતાના પમરાટ જે જે મન્દિરોમાં સાંપડે ત્‍હાં ત્‍હાં જજો ને સત્સંગ સાધજો. જ્‍હાં જ્‍હાં ભક્તિ જ્ઞાન વૈરાગ્ય સદાચાર આત્માની પરમ કવિતા છે, ત્‍હાં ત્‍હાં ધર્મ છે, ત્‍હાં ત્‍હાં ધર્મમન્દિર છે. એ બ્રહ્મચર્ય, એ પ્રેમભક્તિ, એ જ્ઞાનવૈરાગ્ય, એ અમીશીતળતા, એ પુણ્યઉજળામણ, એ અન્તરની ઉભરાતી કવિતા ચિરંજીવ રહેશે એટલો સંપ્રદાયે ચિરંજીવ રહેશે.

સ્વામી નારાયણે શું કર્યું ? એ ઇતિહાસપ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો જ છે કે શ્રીજી મહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઇ બ્રહ્મભીનો કીધો.

ચૈત્રી પડવો, સં. ૧૯૮૭

ન્હાનાલાલ દલપતરામ કવિ

# શિક્ષાપત્રી

## સમશ્લોકી, મૂળ સાથે

---

શ્રી સ્વામી નારાયણનું, સૌનું મંગળકારી, આ
શિક્ષાપત્રી રૂપે ભોમે પ્રવર્તે છે ફ્રીજું રૂપ.

(ભાષાન્તર)

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥ १ ॥

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥ २ ॥

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।
यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ॥ ३ ॥

मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः ।
गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥ ४ ॥

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः ।
मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ॥ ५ ॥

स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः ।
श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ॥ ६ ॥

૧, ડાબે જેને રહ્યાં રાધા, ને હૈયે લક્ષ્મીજી વસ્યાં,
વૃન્દાવનવિહારી તે શ્રી કૃષ્ણ ચિન્તવું ઉરે.

૨, હું સ્વામી સહજાનન્દ નાના દેશસ્થ માહરા
ભક્તો કાજ લખું શિક્ષાપત્રી વૃત્તાલયે રહી.

૩, ધર્મવંશી બન્ધુ ઇચ્છારામના રઘુવીરજી,
ને અયોધ્યાપ્રસાદાખ્ય પુત્ર રામપ્રતાપના;

૪, મુકુન્દાનન્દ આદિ જે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ,
મયારામ ભટ્ટ જેવા ગૃહસ્થો મુજ આશ્રિતો;

૫, સધવા વિધવા નારી શિષ્યાઓ છે અમારી જે,
મુક્તાનન્દાદિ સૌ જેહ સાધુઓ: એ અશેષતઃ

૬, શ્રીમન્ નારાયણ સાથે, શાસ્ત્રસંમત એહવી
અમારી ધર્મરક્ષાની વાંચજો સૌ શુભાશિષો.

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥ ७ ॥

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥ ८ ॥

तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।
त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥ ९ ॥

अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः ।
प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥ १० ॥

कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः ।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥ ११ ॥

देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।
न कर्त्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥ १२ ॥

स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित् ।
मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥१३॥

आत्मघातस्तु तीर्थेऽपि न कर्त्तव्यश्च न क्रुधा ।
अयोग्याचरणात् क्वापि न विषोद्बन्धनादिना ॥ १४ ॥



૭, એકાગ્ર મનથી સૌએ અન્તરે અવધારવાં
પત્રી ને પત્રીનો હેતુઃ સૌનાં છે એ હિતાવહ.

૮, પાળે સદા સદાચારો સતશાસ્ત્રે જેહ સ્થાપિયા,
અંહી ને પરલોકે તે મનુષ્યો છે મહાસુખી.

૯, ને વર્તે એહ ઉલ્લંઘી સ્વછન્દે જે કુબુદ્ધિના,
અંહી ને પરલોકે તે મહાકષ્ટ જ પામતા.

૧૦. તો તહમારે મુજ શિષ્યે, ધરી સૌ સાવધાનતા
પ્રીતે અનુસરી પત્રી વર્તવું જ નિરન્તર.

૧૧, કોઈયે પ્રાણીની હિંસા મદભક્તે કરવી નહીં;
ન કરવી કદાપિ યે જાણી ઝીણા ય જીવની.

૧૨, દેવ કે પિતૃ કે યાગ કાજે હિંસા અજાદિની
ન કરવી; અહિંસા જ પરમ્ ધર્મ કહેલ છે.

૧૩, સ્ત્રી-ધન પામવાને, કે સામ્રાજ્યે પામવા, કદી
કોએ ના કરવી હિંસા કયહારેયે કો મનુષ્યની.

૧૪, આત્મઘાત તો તીર્થે યે ન કરવો; ન ક્રોધથી;
અયોગ્યાચરણે યે ના; ના વિષે; ના ગળાટુંપે.

न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ।
न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥ १५ ॥

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।
अङ्गच्छेदो न कर्त्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ॥ १६ ॥

स्तेनकर्म न कर्त्तव्यं धर्मार्थमपि केनचित् ।
सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥ १७ ॥

व्यभिचारो न कर्त्तव्यः पुम्भिः स्त्रीभिश्च मांश्रितैः ।
द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ॥१८॥

अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।
जगन्नाथपुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥ १९ ॥

मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये ।
नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ॥ २० ॥

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्त्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥२१॥

देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् ।
यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ॥ २२ ॥



૧૫, ન ખાવું માંસ કચ્હારે યે, યજ્ઞશેષે ચ ના કદિ;
ન પીવાં જ સુરા–મદ્ય દેવનૈવેદ્યનાં ય તે.

૧૬, અકર્યાનું થઇ જાતાં પોતાનો–પરનો ય કો
ન કરવો અંગછેદ શસ્ત્રથી, કે ન ક્રોધથી.

૧૭, ન ચોરી કરવી ક્ય્હારે ધર્મ કાજે ય કોઇએ;
વિના આજ્ઞા ધણિયાતાં ન લેવાં ફૂલ-ઇન્ધને.

૧૮, ના કરાય વ્યભિચાર નરે–નારે મદાશ્રિતે;
દ્યૂત શાં વ્યસનો ત્યાગી ભાંગાદિ કેફ ના કરે.

૧૯, અગ્રાહ્યનું રાંધ્યું અન્ન કે ત્હેનું પાણી લેવું ના,
જગન્નાથપુરી વર્જી, ભલે કૃષ્ણપ્રસાદ હો.

૨૦, સ્વાર્થને સાધવાને યે મિથ્યા આરોપ કોઇને
ન દેવો. ન અપશબ્દે કોએ ક્ય્હારે ય ભાખવો.

૨૧, દેવ તીર્થ બ્રાહ્મણની, સાધ્વી કે સાધુ વેદની,
ના કરવી નિન્દા, કે ના સાંભળવી કદી વળી.

૨૨, જે દેવને ધરાવાયે નૈવેદ્ય મદ્યમાંસનું,
જે લે અજાદિના ભોગ, નૈવેદ્ય ત્હેનું ખાવું ના.

दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।
प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥ २३ ॥

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् ।
परधर्मो न चाचर्यो न च पाखण्डकल्पितः ।। २४ ॥

कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः ।
स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्त्ताश्च वा प्रभोः ।।२५॥

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।
कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित ॥२६॥

चोरपापिव्यसनिनां सङ्गः पाखण्डिनां तथा ।
कामिनां च न कर्त्तव्यो जनवञ्चनकर्मणाम ॥ २७ ॥

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।
पापे प्रवर्त्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥ २८ ॥

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।
कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ।। २९ ॥

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।
स्नानादि नैव कर्त्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ।। ३० ॥



૨૩, પેખી શિવાલયાદિ શાં માર્ગમાં દેવમન્દિરો,
વન્દી તે, કરવાં ત્યહાંનાં દેવદર્શન આદરે.

૨૪, સ્વવર્ણાશ્રમના ધર્મો કોઇએ ત્યાગવા નહિ;
ન પાળવો પરધર્મ; ન કો પાખંડ કલ્પિત.

૨૫ પડાય જેહનાં વેણે કૃષ્ણભક્તિ-સ્વધર્મથી,
ના હરિની કથાવાર્તા સુણવી તેહના મુખે.

૨૬, સ્વ-પરદ્રોહકારી તે સત્ય વાણે ન ભાખવી;
તજવો કૃતઘ્નીનો સંગ; ન લેવી લાંચ કોઇની

૨૭, ચોર, પાપી, ને વ્યસની, પાંખડી, કામીનો તથા
લોકના ઠગનારાનો સંગ ના કરવો કદિ.

૨૮, ભક્તિ કે જ્ઞાન આલંબી સ્ત્રી-દ્રવ્ય-રસલોલુપો
વર્તે છે પાપમાં, સંગ ના કરવો જ ત્હેમનો.

૨૯, કૃષ્ણ-કૃષ્ણાવતારોનું જેમાં યુક્તિથી ખંડન
કરેલું હોય, તે શાસ્ત્રો માનવાં ન કદાપિ યે

૩૦, ન પીવું વણગાળેલું પાણી કે દૂધ કો કદિ;
ઝીણા જન્તુવન્ત નીરે સ્નાનાદિ કરવાં નહિ.

यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा ।
अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित् ॥ ३१ ॥

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।
मलमूत्रोत्सर्जनं च कार्यं ष्ठीवनं तथा ॥ ३२ ॥

अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च ।
स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम् ॥३३॥

ज्ञानवार्त्ताश्रुतिर्नार्या मुखात् कार्या न पूरुषैः ।
न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ॥३४॥

अपमानो न कर्त्तव्यो गुरूणां च वरीयसाम् ।
लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥ ३५ ॥

कार्यं न सहसा किञ्चित् कार्यो धर्मस्तु सत्वरम् ।
पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥३६॥

गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः ।
विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ॥३७॥

यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः ।
तद्दुष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ॥ ३८ ॥



૩૧, મદ્ય કે માંસ ભેળેલું ન ખાવું ઔષધે કદિ;
કે આચારઅજાણ્યા કો વૈદ્યે દીધેલું યે નહિ.

૩૨, લોકે શાસ્ત્રે નિષિદ્ધેલાં સ્થાનકોમાં કદાપિ યે,
ના કરવાં મળમૂત્રઃ કે ત્યંહાં થુંકવું નહિ.

૩૩, પેસવું કે નીસરવું અવાટ દ્વારથી નહિ;
વાસો ધણિયાતા ધામે ના કરવો પૂછ્યા વિના.

૩૪, નારીમુખે જ્ઞાનવાર્તા નરે સાંભળવી નહિ;
વિવાદ કરવો ના કો સ્ત્રી રાજા રાજઅંગ શું.

૩૫, ના કરવું અપમાન મ્હોટેરાનું, ગુરુનું વા;
લોકે પ્રતિષ્ઠાવન્તા કે વિદ્વાન્ કે શસ્ત્રધારીનું.

૩૬, કરવું ના સહસા કાંઇ, ધર્મનું કાર્ય સત્વર;
સાધુસંગ સદા સેવી ભણી વિદ્યા ભણાવવી.

૩૭, રાજા દેવ ગુરૂ પાસે ઠાલે હાથે જવું નહિ;
સ્વશ્લાઘા સ્વમુખે ના, કે કરવો વિશ્વાસઘાત ના.

૩૮ જેહ પ્હેર્યે ય દેખાય પોતાનાં અંગ લેશ કો,
એવું ભુંડું વસ્ત્ર ના જ પ્હેરવું મુજ આશ્રિતે.

धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ॥ ३९ ॥

उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।
पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पूरुषाः ॥४०॥

कृष्णदीक्षा गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।
धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥४१॥

तत्तु गोपीचन्दनेन चन्दनेनाऽथवा हरेः ।
कार्यं पूजाऽवशिष्टेन केसरादियुतेन च ॥ ४२ ॥

तन्मध्य एव कर्त्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः ।
कुङ्कुमेनाऽथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ॥ ४३ ॥

सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके ।
द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥ ४४ ॥

भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे ।
धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ॥ ४५ ॥

त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता ।
तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ॥४६॥



૩૯, ધર્મવિમુખ તો કૃષ્ણભક્તિ ના કરવી ક્દિ;
નિન્દાભયે અજ્ઞાનીના કૃષ્ણસેવા ન ત્યાગવી.

૪૦, નિત્ય કે ઉત્સવપર્વે આવેલા હરિમન્દિરે
નરે ના અડવું સ્ત્રીને, કે સ્ત્રીએ નરને ન ત્યહાં.

૪૧, કંઠે નિત્યે ગુરુદીધી તુલસીકંઠી ધારવી;
ને લલાટે ઉર્ધ્વપુંડ્ર દીક્ષાલીધા દ્વિજાતિએ.

૪૨, ને તે તિલક કરવું ચન્દને—ગોપીચન્દને;
કે હરિ કેરી પૂજાના વધેલા કેસરાદિકે.

૪૩, અને તે મધ્ય કરવો પુંડ્રદ્રવ્યથી ચાંદલો;
કે કરવો તે કુંકુમે રાધાલક્ષ્મીપ્રસાદનાં.

૪૪, ને કૃષ્ણભક્ત સતશૂદ્રો પાળે સ્વધર્મ, ત્હેમણે
ઉર્ધ્વપુંડ્ર તથા કંઠી દ્વિજાતિ પેઠ ધારવાં.

૪૫, એથી યે અન્ય ભક્તોએ કંઠી તો ચન્દનાદિની
કંઠમાં ધારવી; ભાલે કરવો માત્ર ચાંદલો.

૪૬, ધારે ત્રિપુંડ્ર–રુદ્રાક્ષ કુલાચારે કરી ય જે,
વિપ્રાદિ મુજ ભકતોએ કોઇએ તે ન ત્યાગવાં.

ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।
उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥ ४७ ॥

शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् ।
मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥ ४८ ॥

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।
विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥ ४९ ॥

उपविश्यैव चैकत्र कर्त्तव्यं दन्तधावनम् ।
स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥ ५० ॥

उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।
असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥ ५१ ॥

कर्त्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् ।
कार्यः सधवनारीभिर्भाले कुङ्कुमचन्द्रकः ॥ ५२ ॥

पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया ।
मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ॥ ५३ ॥

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् ।
शक्त्या॰ जपित्वा तन्मन्त्रं कर्त्तव्यं व्यावहारिकम् ॥५४॥



૪૭, વિષ્ણુનું ને શંકરનું એકપણું જ જાણવું;
બન્નેનું બ્રહ્મરૂપે છે વેદમાં પ્રતિપાદન.

૪૮, શાસ્ત્રભાખ્યા આપદ્ધર્મો કદી યે અલ્પ આપદે
અમારા આશ્રિત કોએ ન ગ્રહેવા મુખ્ય માનીને.

૪૯, સૂર્ય ઉગ્યા તણી પૂર્વે જાગવું જ પ્રતિદિને,
કરવું કૃષ્ણસ્મરણ, અને શૌચાદિ તે પછી.

૫૦, પછી દાતણ કરવું બેસીને એક થાનકે;
ન્હાઈ શુદ્ધ જળે શુદ્ધ વસ્ત્ર પ્હેરવું–ઓઢવું.

૫૧, પછી ઉત્તર કે પૂર્વ મુખે, પવિત્ર ભૂમિમાં,
અંગસમાતા અસ્પર્શ્યા બેસીને શુદ્ધ આસને,

૫૨, કરવું ચાંદલા સાથે પુરુષે ઉર્ધ્વપુંડ્ર; ને
સોહાગી સ્ત્રીએ કરવો ભાલમાં કંકુચાંદલો.

૫૩, પુંડ્ર કે ચાંદલો ભાલે વિધવા કો કરે નહિ;
ને પછી કરવી સૌએ કૃષ્ણની માનસી પૂજા.

૫૪, શ્રી રાધાકૃષ્ણની ચિત્રમૂર્તિને વન્દી, ને જપી
યથાશકિત કૃષ્ણમન્ત્ર, જોડાવું વ્યવહારમાં.

ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः ।
तैश्च मानसपूजान्तं कार्यमुक्ताक्रमेण वै ॥ ५५ ॥

शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः ।
द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ॥ ५६ ॥

स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः ।
तथाऽनधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्त्तनम् ॥ ५७ ॥

हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः ।
कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ॥ ५८ ॥

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः ।
सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥ ५९ ॥

भक्तैरेतैस्तु कृष्णायाऽनर्पितं वार्यपि क्वचित् ।
न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥ ६० ॥

सर्वैरशक्तौ वार्धक्याद्गरीयस्यापदाऽथवा ।
भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्यं यथाबलम् ॥ ६१ ॥

आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।
कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥ ६२ ॥



૫૫, અમ્બરીષ સમા ભક્ત હોય આત્મનિવેદી જે,
તેઓ યે માનસી પૂજા સુધી કરે કહ્યા ક્રમે.

૫૬; ને શાલગ્રામ કે મૂર્તિ કૃષ્ણની ધાતુપ્હાણની
મળ્યાં દ્રવ્યે પૂજી, મન્ત્ર જપવો અષ્ટઅક્ષરી.

૫૭, યથાશક્તિ જ સ્તોત્રાદિ કરવાં પાઠ કૃષ્ણનાં;
સંસ્કૃતનાં અજાણ્યાંએ કરવું નામકીર્તન.

૫૮, હરિને ધરી નૈવેદ્ય લેવો પછી પ્રસાદ એ;
રહેવું પ્રીતે તદીયે તો કૃષ્ણસેવાપરાયણ.

૫૯, નિર્ગુણ હરિ કેરા એ સંબંધે ત્હેમની ક્રિયા
થાય નિર્ગુણ સૌ; તેથી કહ્યા નિર્ગુણ ભક્ત તે.

૬૦, શ્રી કૃષ્ણને અનર્પેલું કન્દ કે ફળ પત્ર કો
તદીય ભક્તે ના ખાવું ન પીવું કદિ પાણી યે.

૬૧. વૃદ્ધત્વે કે મહાપીડા થકી અશક્ત ભાવિકે
કો ભક્તને કૃષ્ણમૂર્તિ આપી રહેવું યથાબળ.

૬૨, આચાર્યે જેહ આપી કે સ્થાપેલી જેહ ત્હેમણે,
પૂજવી એ કૃષ્ણમૂર્તિ; અન્યને વન્દવું સદા

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम ।
नामसङ्कीर्त्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥ ६३ ॥

कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् ।
वादित्रसहितं कार्यं कृष्णकीर्त्तनमुत्सवे ॥ ६४ ॥

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।
संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ॥ ६५ ॥

यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि ।
योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥ ६६ ॥

अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः ।
सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम ॥ ६७ ॥

यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः ।
देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥ ६८ ॥

गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम ।
अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥ ६९ ॥

नोरी कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके ।
उपवेश्यं सभायां च जानु बद्ध्वा न वाससा ॥ ७० ॥



૬૩, સાયં સમે જવું નિત્યે સર્વેએ હરિમન્દિરે;
રાધાવરનું મ્હોટે ત્યહાં કરવું નામકીર્તન.

૬૪. પરમ ભાવે કથાવાર્તા કરવી-સુણવી સદા;
કરવું સાજની સાથે કૃષ્ણકીર્તન ઉત્સવે.

૬૫, આ રીતે વર્તવું નિત્યે અમારા સહુ આશ્રિતે;
સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થો ભણવા જ યથામતિ.

૬૬, જેનામાં જે ગુણો હોય તે પ્રમાણે જ કાર્યમાં
વિચારીને યોજવા જ; કદી યે અન્યથા નહિ.

૬૭, યથાશક્તિ યથાયોગ્ય અન્નવસ્ત્રાદિકે કરી
પોતાના સેવકો સૌને પાળવા-પોષવા સદા.

૬૮, જેનામાં જેહવા ગુણ હોય ત્હેવું જ તેહ શું,
દેશકાળ વિચારીને, બોલવું; નહિ અન્યથા.

૬૯, ગુરૂ રાજા અતિવૃદ્ધ ત્યાગી વિદ્વાન્ તપસ્વીને
ઉઠી આસન આપીને વિનયે સન્માનવા.

૭૦, પગે પગ ચ્હડાવીને દેવ રાજા ગુરૂ કને,
કે સભામાં ગોઠણને બાંધીને, નવ બેસવું.

विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् ।
पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥ ७१ ॥

तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् ।
तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥७२॥

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।
आचार्यं तर्हि तन्नैव धर्म सः सर्वार्थदोऽस्ति हि ॥७३॥

पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।
कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥ ७४ ॥

गुह्यवार्त्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् ।
समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥ ७५ ॥

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।
एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥ ७६ ॥

विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्त्तनम् ।
महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥ ७७ ॥

साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः ।
एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥ ७८ ॥



૭૧, નિજ આચાર્ય સાથે ના વિવાદ કરવો કદિ;
અન્ન ધન વસ્ત્રાદિથી યથાશક્તિ જ પૂજવા.

૭૨, આવન્તા સાંભળી સદ્ય સ્હામા જવું જ આદરે;
જાય ત્યહારે ગામસીમ સુધી જવું વળાવવા.

૭૩, બહુ ફળદાતા કર્મે ધર્મવિમુખ હોય જો,
ન તે આચરવું કો દી; ધર્મ સૌ સિદ્ધિદાયક.

૭૪, કર્યો કો હોય કયારેકે અધર્માચાર પૂર્વના
મ્હોટાએ કો, ન લેવો તે; ધર્માચાર સ્વિકારવો.

૭૫, કોઇની યે ગુપ્તવાર્તા ન ક્યહાંએ ય પ્રકાશવી;
માનમર્યાદને ના કો તોડવાં સમદૃષ્ટિથી.

૭૬, વિશેષ નિયમો આખા ચાતુર્માસે જ ધારવા;
ને અશક્ત મનુષ્યે તો એક શ્રાવણ માસમાં.

૭૭, હરિકથા સુણવી ને વાંચવી, હરિકીર્તન,
મહાપૂજા, મન્ત્રજાપ, સ્તોત્રપાઠ, પ્રદક્ષિણા.

૭૮, સાષ્ટાંગ દંડવત: એહ નિયમો શ્રેષ્ઠ માનિયા:
આદરે એક એમાંથી વિશેષે કરી ધારવો.

एकादशीनां सर्वासां कर्त्तव्यं व्रतमादरात् ।
कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥ ७९ ॥

उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः ।
उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ॥ ८० ॥

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः ।
श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥ ८१ ॥

कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः ।
सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥ ८२ ॥

कर्त्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि ।
सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥ ८३ ॥

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः ।
एताः पुज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥ ८४ ॥

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मंत्रो जप्यो न क्षुद्रदैवतः ॥ ८५ ॥

रवेरिन्दोश्चोपरागे जायमानेऽपरा क्रियाः ।
हित्वाशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥८६॥



૭૯, સહુ એકાદશી કેરાં કરવાં વ્રત આદરે;
કૃષ્ણજન્માષ્ટમી યે ને શિવરાતે સઉત્સવ.

૮૦, ઉપવાસ દિને યત્ને દિવસે ઉંઘ ત્યાગવી;
મૈથુને-દિનનિદ્રાથી ભાગે છે ઉપવાસ તો.

૮૧, સર્વ વૈષ્ણવના રાજ વલ્લભાચાર્યના સુત
વિઠ્ઠલેશે કીધેલો છે જે વ્રતોત્સવનિર્ણય.

૮૨, એને અનુસરીને જ કરવાં સૌ વ્રતોત્સવો;
ને લેવી ત્હેમણે ભાખી સેવારીતિ શ્રી કૃષ્ણની.

૮૩, કરવી દ્વારિકાદિની તીર્થયાત્રા યથાવિધિ;
ને દીનોને યથાશક્તિ સૌએ વાત્સલ્ય દાખવું.

૮૪, વિષ્ણુ ને શિવ ને સૂર્ય તથા ગણેશ પાર્વતી,
મ્હારાંઓએ પંચદેવ એહને મુખ્ય માનવા.

૮૫, પીડે ભૂતાદિ તો મંત્ર જપવા હનુમાનના;
કે નારાયણકવચ; ન મેલા દેવ સેવવા.

૮૬, સૂર્યચન્દ્રનું ગ્રહણ થયે બીજી ક્રિયાં તજી
જપવા, થઈને શુદ્ધ, કૃષ્ણના જાપ માનસી.

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहिजनैः शक्त्यन्ऽन्यैस्त्वर्च्य ईश्वरः ॥८७॥

जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः ।
पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ॥ ८८ ॥

भाव्यं शमदमक्षान्तिसन्तोषादिगुणान्वितैः ।
ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ॥८९॥

वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः
भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ॥ ९० ॥

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् ।
स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥ ९१ ॥

अज्ञानाज्ज्ञानतो वाऽपि गुरु वा लघु पातकम् ।
क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ॥९२॥

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम् ॥ ९३ ॥

तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥ ९४ ॥



૮૭. અને મુક્ત થયે એહ સચૈલ સ્નાને કરી
ગૃહસ્થોએ દાન દેવું, ને સન્તે પૂજવા પ્રભુ.

૮૮, સ્વસંબંધ પ્રમાણેનાં સૂતકો વૃદ્ધિમૃત્યુનાં
યથાશાસ્ત્ર પાળવાં જ મ્હારા સૌ વર્ણના જને.

૮૯, શમ દમ સન્તોષાદિ બ્રાહ્મણે ગુણ ધારવા;
સદ્ગુણો શૌર્યધૈર્યાદિ ધારવા એહ ક્ષત્રિયે.

૯૦, વૈશ્યે વ્યાપાર ખેતી ને રૂહેવું વ્યાજવટાન્તરે;
દ્વિજસેવાદિની વૃત્તિ શૂદ્રોએ રહેવું સેવીને.

૯૧, યથાશક્તિ યથાકાળે સંસ્કારો શ્રાદ્ધ આહ્નિક
સ્વગૃહ્યસૂત્રમાં ભાખ્યાં કરવાં દ્વિજજાતિએ.

૯૨, થાય જાણ્યે–અજાણ્યે વા ન્હાનું કે મ્હોટું પાપ કો,
પ્રાયશ્ચિત્ત યથાશક્તિ તો તો કરવું તેહનું.

૯૩, ચારે વેદો; વ્યાસસૂત્રો; ભાગવત પુરાણ; ને
૧ ૨ ૩
મહાભારત માંહીથી વિષ્ણુસહસ્રનામ, ને
૪

૯૪, ગીતાજી, વિદુરનીતિ; તથા સ્કન્દપુરાણમાં
૫ ૬
શ્રી વાસુદેવમાહાત્મ્ય—વર્ણ્યું જે વિષ્ણુખંડમાં;
૭

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥ ९५ ॥

स्वहितेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि ।
श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ॥ ९६ ॥

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।
ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥९७॥

श्रीमद्भागवतस्यैषु स्कंधौ दशमपञ्चमौ ।
सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥ ९८ ॥

दशमः पञ्चमः स्कन्धौ याज्ञवल्क्यस्य च स्मृतिः ।
भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥ ९९ ॥

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।
रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥ १०० ॥

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।
अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥ १०१ ॥

मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।
धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥ १०२ ॥



૯૫, ધર્મશાસ્ત્રો મંહીથી તો સ્મૃતિ જે યાજ્ઞવલ્કયની;
એહ આઠે ય સતશાસ્ત્રો અમારે ઇષ્ટ છે સદા.

૯૬, સ્વહિતેચ્છુ મુજ શિષ્યે સૌએ સતશાસ્ત્ર આઠ એ
ભાવથી સુણવાં; ને એ ભણવાં-ભાખવાં દ્વિજે.

૯૭, આચાર કે વ્યવહાર કે પ્રાયશ્ચિત્તનિર્ણયે
લેવી મિતાક્ષરા સાથે યાજ્ઞવલ્કય તણી સ્મૃતિ.

૯૮, ને ભાગવત કેરા તો સ્કન્ધો દશમ પંચમ
અધિકા જાણવા સૌથી કૃષ્ણમાહાત્મ્યબુદ્ધિએ

૯૯, છે દશમ ભક્તિશાસ્ત્ર, પંચમ યોગશાસ્ત્ર છે;
યાજ્ઞવલ્કય સ્મૃતિ તો છે ધર્મશાસ્ત્ર જ માહરે.

૧૦૦, ગીતાનું ને બ્રહ્મસૂત્ર કેરૂં શારીર ભાષ્ય જે
કીધું રામાનુજાચાર્યે, મ્હારે અધ્યાત્મશાસ્ત્ર એ.

૧૦૧, એ સૌમાંનાં જેહ વાકયો શ્રી કૃષ્ણના સ્વરૂપને
અત્યુત્કર્ષપણે ભાખે, તથા વૈરાગ્યભક્તિને,

૧૦૨, પ્રધાન માનવાં એહ અન્ય વાકય થકી સદા;
ધર્મ પાળી કૃષ્ણભક્તિ કરો-સૌનું રહસ્ય એ.

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।
माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥ १०३ ॥

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।
ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥ १०४ ॥

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥१०५॥

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥ १०६ ॥

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।
ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥ १०७ ॥

स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।
उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥ १०८ ॥

स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।
रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥



૧૦૩, શ્રુતિસ્મૃતિપ્રમાણેલો સદાચાર જ ધર્મ છે;
મહિમાજ્ઞાન સાથે જે હરિલગની, ભક્તિ તે.

૧૦૪, વૈરાગ્ય તે તો અપ્રીતિ કૃષ્ણથી અન્ય વસ્તુમાં;
જીવ ઇશ્વર માયાના રૂપનું જ્ઞાન, જ્ઞાન તે.

૧૦૫, હૈયે વસેલો; અણુ, સૂક્ષ્મ, ચિદ્રૂપ,
જ્ઞાતા, રહ્યો વ્યાપી જ જ્ઞાનશક્તિથી
દેહે બધે; એહ જ જીવ જાણવો,
અછેદ્ય અજરામર આદિ લક્ષણે.

૧૦૬, માયા તો છે કૃષ્ણશકિત, ત્રિગુણાત્મી, તમોરૂપી;
દેહે-લોકે હું-મ્હારાના ભાવનું એહ કારણ.

૧૦૭, હૈયે જીવ, એમ જીવે અન્તર્યામીપણે રહે,
સૌ કર્મોનો ફળદાતા, એહ સ્વતન્ત્ર ઇશ્વર.

૧૦૮, એ શ્રી કૃષ્ણ, પરબ્રહ્મ, ભગવાન, પુરુષોત્તમ;
આપણા એ ઇષ્ટદેવ, સર્વ સૃષ્ટિનું કારણ.

૧૦૯, રાધા સંગે હોય ત્યહારે રાધાકૃષ્ણ પ્રભુ જ એ;
રુકિમણી-લક્ષ્મીજી સંગે લક્ષ્મીનારાયણ જ એ.

ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।
बलभद्रादियोगेन तत्तन्नाम्नोच्यते स च ॥ ११० ॥

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।
क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥ १११ ॥

अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥ ११२ ॥

तस्यैव सर्वथा भक्तिः कर्त्तव्या मनुजैर्भुवि ।
निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥ ११३ ॥

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥ ११४ ॥

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्त्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।
प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥ ११७ ॥



૧૧૦, અર્જુન સંગમાં એહ નરનારાયણ પ્રભુ;
બળભદ્રાદિની સંગે તે તે નામે કથાય તે.

૧૧૧, એહ રાધાદિ ભક્તો તો હોય ક્યહારેક બાજુમાં;
અતિસ્નેહે શમે અંગે, ત્યહારે શ્રી હરિ એકલ.

૧૧૨, માટે એહ સ્વરૂપોમાં ભેદ લેશે ન જાણવો;
ચતુર્ભુજાદિ સ્વેચ્છાથી રૂપો બે બાહુવન્તનાં.

૧૧૩, પૃથ્વીમાં તેહની ભક્તિ મનુષ્યે કરવી સદા;
એથી કલ્યાણકારી કો ના બીજો એમ પેખીને.

૧૧૪, ગુણવાળાના ગુણ કેરૂં છે પરમ ફળ એ જ કે
સત્સંગ ને કૃષ્ણભક્તિ; અન્યથા પંડિતે પડે.

૧૧૫, કૃષ્ણ–કૃષ્ણાવતારો યે ધ્યેય છે, સૌની મૂર્તિ યે;
ન કો જીવ, ન દેવાદિ; ન બ્રહ્મજ્ઞાની ભક્ત કો.

૧૧૬, નિજાત્માને બ્રહ્મરૂપ, ત્રણે યે દેહથી પરો,
જાણીને કરવી ભક્તિ સદા સૌએ શ્રી કૃષ્ણની.

૧૧૭, સુણવો ભાગવતનો દશમ સ્કન્ધ આદરે;
વિદ્વાને તો નિત્યનિત્યે, કે વર્ષોવર્ષ, વાંચવો.

कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः ।
विष्णुनामसहस्रादेश्चापि कार्येप्सितप्रदा ॥ ११८ ॥

दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।
यथा स्वपररक्षा स्यात्तथा वृत्यं न चान्यथा ॥११९॥

देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः ।
आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥१२०॥

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।
तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥१२१॥

एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।
मदाश्रितानां कथिता विशेषानथ कीर्त्तये ॥ १२२ ॥

मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।
स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥१२३॥

न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।
क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ॥१२४॥

प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यवहारिके ।
भिक्षयापदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥१२५॥



૧૧૮, પુણ્યસ્થાને યથાશક્તિ પારાયણ કરાવવી;
વિષ્ણુનામસહસ્રાદિની યે; છે એહ ઇષ્ટદા.

૧૧૯, દૈવાપત્તિ રોગાદિ કે માનુષી કષ્ટ કો પડે,
રક્ષા સ્વપરની થાય એમ રૂહેવું, ન અન્યથા.

૧૨૦ દેશ કાળ વય વિત્ત જાતિ શક્તિ પ્રમાણમાં
આચાર ને વ્યવહાર કે પ્રાયશ્ચિત્ત જાણવાં.

૧૨૧, વિશિષ્ટાદ્વૈત મત મ્હારો; ગોલોક વ્હાલું ધામ; ને
બ્રહ્મરૂપે ત્યહાં કૃષ્ણસેવા તે મુક્તિ જાણવી.

૧૨૨, આ તો સાધારણ ધર્મો ભાખ્યા સૌ નરનારના;
મુજ આશ્રિતના સૌના; વિશેષે વર્ણવું હવે.

૧૨૩, અમારા કોઈ આચાર્યે કદાપિ કોઇ નારને
મન્ત્રોપદેશ ના દેવો, સમીપનાં સગાં વિના.

૧૨૪, ન સ્પર્શવું સ્ત્રીને કોને, સ્ત્રી સંગે બોલવું નહિ;
ના થવું ક્રૂર કો શું, ના કોની થાપણ રાખવી.

૧૨૫, ન જામીન થવું કોના કો વ્યવહારકાર્યમાં;
તરી વિપત્તિ ભિક્ષાએ દેવું ના કરવું કદિ.

स्वशिष्यार्पितधान्यस्य कर्त्तव्यो विक्रयो न च ।
जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नेष विक्रयः ॥१२६॥

भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।
इषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनूमतः ॥१२७॥

सदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।
गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्यां मुमुक्षवः ॥१२८॥

यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः ।
मान्याः संतश्च कर्त्तव्यः सच्छास्त्राभ्यासआदरात् ॥१२९॥

मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च ।
लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥१३०॥

भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।
आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥१३१॥

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।
प्रवर्त्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥१३२॥

अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।
कृष्णमन्त्रोपदेशश्च कर्त्तव्यः स्त्रीभ्य एव हि ॥१३३॥



૧૨૬, સ્વશિષ્યે ધાન અર્પ્યું તે વેચવું કદિ યે નહિ;
જૂનું આપી નવું લેવું-ભલે; તે નથી વિક્રય.

૧૨૭, કરવી ગણેશની પૂજા ભાદ્ર શુક્લ ચતુર્થીએ;
ને હનુમાનની પૂજા આસોની કાળી ચૌદશે.

૧૨૮, મ્હારા સૌ આશ્રિતો કેરા ધર્મરક્ષણ કારણે
મ્હેં સ્થાપ્યા ગુરુએ દીક્ષા આપવીજ મુમુક્ષુને.

૧૨૯, સ્વ-સ્વધર્મે સ્વભક્તોને યથાધિકાર રાખવા;
સન્માની સન્ત, સતશાસ્ત્રો ભણવાં પૂર્ણ ભાવથી.

૧૩૦, મ્હોટમ્હોટા મન્દિરોમાં મ્હેં સ્થાપેલાજ દેવ તે
લક્ષ્મીનારાયણાદિની કરે સેવા યથાવિધિ.

૧૩૧, હરિમન્દિરમાં આવે અન્નાર્થી કોઇ માનવી,
તો યથાશક્તિ આપીને સન્તોષવો જ આદરે.

૧૩૨, પાઠશાળા કહાડીને, વિપ્ર વિદ્વાન સ્થાપીને,
પ્રસારવી જ સદ્વિદ્યા; પૃથ્વીમાં પુણ્ય એ વડું.

૧૩૩, ને આચાર્યપત્નીઓએ, આજ્ઞા સ્વપતિની લઇ,
આપવો માત્ર સ્ત્રીઓને મન્ત્રોપદેશ કૃષ્ણનો.

स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।
न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ॥१३४॥

गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः ।
स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ॥१३५॥

मात्रा स्वस्त्रा दुहित्रा वा विजने तु वयःस्थया ।
अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ॥१३६॥

प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः ।
भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥१३७॥

अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।
दैवं पैत्र्यं यथाशक्ति कर्त्तव्यं च यथोचितम् ॥१३८॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्त्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः ।
मुष्कच्छेदो न कर्त्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥१४०॥

यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः ।
यावद्व्ययं च कर्त्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥१४१॥



૧૩૪, સમીપના સગા પાખી અન્ય કો નર શું કદિ
ન સ્પર્શવું, બોલવું ના; ના મુખે ય બતાવવું.

૧૩૫, જે ગૃહસ્થાશ્રમી હોય પુરૂષો મુજ આશ્રિતો,
ના અડે વિધવાને તે, પાસેની જ સગી વિના.

૧૩૬, વયે આવી બ્હેન-પુત્રી કે માતા શું અનાપદે
એકાન્તે કદિ ના રહેવું; ન સ્ત્રીનું દાન આપવું.

૧૩૭, જે સ્ત્રીને ભૂપ શું હોય પ્રસંગ વ્યવહારનો,
કોઈ પ્રસંગ એ સ્ત્રી શું ક્યહારે યે નવ પાડવો.

૧૩૮, અન્નાદિ શક્તિતઃ દેવાં ઘેર આવ્યા અતિથિને;
યથાશક્તિ-વિધિ પાળે પરવો દેવપિતૃનાં.

૧૩૯, માતા પિતા ગુરુ રોગી-યથાશક્તિ જ એમની
આયુષ્યભર શુશ્રૂષા કરવી માહરા જને.

૧૪૦, યથાશક્તિ કરે ધંધો સ્વવર્ણાશ્રમ શોભતો;
ને કો દી ન કરે ખસ્સી સાંઢને કૃષિકાર કો.

૧૪૧, યથાશક્તિ યથાકાળે સંગ્રહ ધનધાન્યનો
ખપ જોગો કરવો; ને ઢોરવન્તે ય ઘાસનો.

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि ।
सम्भावने भवेत्स्तेन रक्षास्ते तर्हि नान्यथा ॥१४२॥

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च ।
भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ॥१४३॥

कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्प्यधनस्य तु ।
भाषाबन्धो न कर्त्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ॥१४४॥

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।
अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ॥१४५॥

द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यवहारिके ।
तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥१४६॥

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः ।
अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥१४७॥

एकादशीमुखानां च व्रतानां निजशक्तितः ।
उद्यापनं यथाशास्त्रं कर्त्तव्यं चिन्तितार्थदम् ॥१४८॥

कर्त्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।
बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥१४९॥



૧૪૨, ગવાદિ પશુ કેરૂં જો પોતાથી ઘાસપાણીથી
થાય જતન, તો તેહ રાખવાં, નહિ તો નહિ.

૧૪૩, વિના સાક્ષીસિદ્ધ લેખ, પુત્રમિત્રાદિ શું ય તે,
ભૂમિ કે ધનની લેવદેવ ના કરવી કહિ.

૧૪૪, વિવાહમાં સ્વપરને લેવાદેવાનું જે ધન,
વિના સાક્ષીસિદ્ધ લેખ, બોલીથી કરવું નહિ.

૧૪૫, ને ઉપજ પ્રમાણે જ કરવું ખર્ચ સર્વદા;
નહી તો તો મહાદુઃખ થાય છે એમ જાણવું.

૧૪૬, જેટલું જે વ્યવહારે આવે ને જાય દ્રવ્ય, તે
સંભારી લખવું પોતે રોજેરોજ સ્વઅક્ષરે.

૧૪૭, સ્વવૃત્તિઉદ્યમે પામ્યાં ધનધાન્યાદિ, તેહનો
દશાંશ હરિને દેવો; દેવો વીશાંશ દુર્બળે.

૧૪૮, યથાશકિત યથાશાસ્ત્ર એકાદશી સમાં વ્રતો
સદા ઉજવવાં; એ તો ચિન્તવ્યાં ફળ આપશે.

૧૪૯, સર્વથા શ્રાવણ માસે શ્રી શંકરનું પૂજન
બીલીપત્રાદિથી પ્રીતે કરવું, વા કરાવવું.

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।
ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥१५०॥

श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थं गतौ पथि ।
तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥१५१॥

प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत् कर्मकारिणे ।
न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ॥१५२॥

दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।
लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥१५३॥

मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।
त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥१५४॥

आढ्यैस्तु गृहिभिःकार्या अहिंसा वैष्णवा मखाः ।
तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥१५५॥

महोत्सवा भगवतः कर्त्तव्या मन्दिरेषु तैः ।
देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥१५६॥

मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः ।
प्रजाः स्वाः पुत्रवत्पाल्या धर्मःस्थाप्यो धरातले ॥१५७॥



૧૫૦, હરિમન્દિર-આચાર્યે કેરૂં કરવું દેવું ના,
ન લેવાં વ્યવહારાર્થે વસ્ત્રાલંકાર, પાત્ર વા,

૧૫૧, શ્રી હરિ ગુરુ સાધુનાં જતાં દર્શન, માર્ગમાં
ન ખાવું અન્ન ત્યહાં-ત્યહાંનું; પરાન્ન પુણ્યહારી છે.

૧૫૨, જે જે હો ધન પૈઠેલું તે દેવું કામગારને;
દુર્જન શું ન સંબંધ; ઋણશુદ્ધિ ન ઢાંકવી.

૧૫૩, શત્રુ દુષ્કાળ કેરા વા, કે રાજાના ઉપદ્રવે
પ્રાણ કે લક્ષ્મી-લજ્જાના નાશનો હોય સંભવ,

૧૫૪, વિચક્ષણ મમાશ્રિતે તો જલ્દી નિજનો જ એ
મૂળ દેશ તજી રહેવું જઈ દેશાન્તરે સુખે.

૧૫૫, ધની ગૃહસ્થે કરવા અહિંસાયજ્ઞ વિષ્ણુના;
તીર્થમાં ને પર્વમાં યે સાધુવિપ્ર જમાડવા.

૧૫૬, માંડવા મન્દિરો માંહી શ્રી હરિના મહોત્સવો;
તથા નાના વિધ દાનો દેવાં સુપાત્ર વિપ્રને.

૧૫૭, જે મુજ ભક્ત રાજાઓ, આશ્રયી ધર્મશાસ્ત્રને,
પ્રજા સૌ પુત્ર શી પાળે, ધર્મ સ્થાપે ધરાતલે.

राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।
व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८॥

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् ।
अन्धो रोगी दरिद्रो वा शण्ढो वाच्यं न दुर्वचः ॥१५९॥

रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।
प्रसङ्गो नैव कर्त्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥१६०॥

नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् ।
साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ॥१६१॥

भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।
त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ॥१६२॥

विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधियः हरिः ।
आज्ञायां पितृपुत्रादेर्वृत्त्यं स्वातन्त्र्यतो न तु ॥१६३॥

स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न कर्हिचित् ।
तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ॥१६४॥



૧૫૮, રાજ્યાંગ સાતે ય, ઉપાય ચારે,
છ જાતિ, ને તીર્થ જવાં સમાં જે;
વ્યવહારશાણા જ, અદંડ ય, દંડચો:
સૌ ઓળખે રાજવી લક્ષણે કરી.

૧૫૯, અન્ધ રોગી શંઢ રંક–સ્વપતિને સુહાગણે
પ્રભુ શો સેવવો નિત્યે; ન કો દુર્વચ઼ણ ભાખવું.

૧૬૦, રૂપયૌવનવન્તો કે ગુણાળો અન્ય કો નર,
સાહજીકે ય એવાનો ના પ્રસંગ જ પાડવો

૧૬૧, જાંઘ નાભી કુચ પેખે નર એવું ન ઓઢણું
સતી ઓઢે; ભવાયા ના જૂવે; દુર્જનસંગ ના

૧૬૨, વસ્ત્રાલંકારો સજવાં, પરઘેર જવું, તથા
હાસ્યાદિ, તજવાં સ્ત્રીએ પતી દેશાન્તરે ગયે.

૧૬૩, સેવવા વિધવા સ્ત્રીએ પ્રભુને પતિબુદ્ધિએ;
પિતાપુત્રની આજ્ઞામાં રહેવું, સ્વછન્દમાં નહી.

૧૬૪, વિના સંબંધી પાસેના સ્પર્શવો નરને ન કો;
તારુણ્યે તરુણ સંગે વિના કાર્ય ન બોલવું.

स्तनंधयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव ।
आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ॥१६५॥

विद्याऽनासन्नसंबन्धात्ताभिः पाठ्या न काऽपि नुः ।
व्रतोपवासैः कर्त्तव्यो मुहुर्देहदमस्तथा ॥१६६॥

धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।
देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ॥१६७॥

कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले ।
मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ॥१६८॥

वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।
न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥१६९॥

सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।
शृङ्गारवार्त्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ॥१७०॥

निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः
सार्कं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥१७१॥

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।
न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥१७२॥



૧૬૫, ધાવણા બાળના સ્પર્શે નથી દોષ, પશુ સમ;
કે નથી આવશ્યક કો વૃદ્ધ શું સ્પર્શભાષણે.

૧૬૬, ન વિદ્યા યે ભણે કોથી પાસેના જ સગાં વિના;
દેહતપ વારંવાર કરે વ્રતોપવાસથી.

૧૬૭, નિજ નિર્વાહજોગું જે ધન, તે તો કદી ય તે
ધર્મકાર્યે ય ના દેવું; દેવું જો વધુ હોય તો.

૧૬૮, પોતા કાજે તેહ રાંધે, ને સૂવે તેહ ભૂતળે;
ન જોવાં મૈથુનાસક્ત કોઈ યે જીવપ્રાણીને.

૧૬૯, વેશ ના ધારવો ક્યહારે સોહાગણ સ્ત્રીના સમો;
સંન્યાસી-વેરાગી સ્ત્રીનો, કે આચાર વિરૂદ્ધનો.

૧૭૦, ના કરવો સંગસ્પર્શ ગર્ભપાતણી નારનો;
નરની શૃંગારવાર્તા કરવી-સુણવી નહી.

૧૭૧, નિજ સંબંધી સંગે યે જુવાનીમાં જુવાન શું
એકાન્તે એકલા રૂહેવું નહી, આપત્તિના વિના.

૧૭૨, ન હોળી ખેલવી ક્યહારે, ના અલંકાર ધારવા;
ના કદી પ્હેરવાં વસ્ત્રો, ઝીણાં કે જરિયાનનાં.

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।
स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥ १७३ ॥

मनुष्यं चांशुकादीनि नारी कापि रजस्वला ।
दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥१७४॥

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रया ।
तैः स्पृश्या न स्त्रियो भाष्या न न वीक्ष्याश्च ता धिया ॥१७५॥

तासां वार्त्ता न कर्त्तव्या न श्रव्याश्च कदाचन ।
तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥१७६॥

देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजापि वा ।
न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ॥१७७॥

न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोऽशुकम् ।
न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥१७८॥

न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् ।
न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्त्तनम् ॥१७९॥

ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि ।
तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥१८०॥



૧૭૩, સધવા-વિધવા કોએ નવસ્રાં ન્હાવું તો નહી;
ને રજોદર્શન સ્રીએ કદી યે ન છૂપાવવું.

૧૭૪, મનુષ્ય-વસ્ત્ર-આદિને કો યે નારી રજસ્વળા
ના ત્રણ દિવસો સ્પર્શે; ન્હાઇ ચોથે દિને અડે.

૧૭૫, ન અમારા ભક્ત એવા નૈષ્ઠિકવ્રતિ વર્ણીએ
બોલવું-સ્પર્શવું સ્રી શું, જાણીને જોવું યે નહિ.

૧૭૬, ન સ્રીની કરવી વાર્તા, કે કદી સુણવી નહી;
હોય સ્રીમાર્ગ ત્યહાં તો ના કરવી સ્નાનાદિની ક્રિયા.

૧૭૭, દેવીમૂર્તિ વિના કો યે ચિત્રેલી કાષ્ટધાતુની
સ્રીમૂર્તિને સ્પર્શવું ના, ન જોવી જાણી જોઈને.

૧૭૮, ના સ્રીની રચવી મૂર્તિ, ન સ્પર્શવું સ્રીવસ્રને;
ના જોવાં મૈથુનમગ્ન પ્રાણી કો જાણીબૂઝીને.

૧૭૯, ન જોવો-સ્પર્શવો ક્યહારે નર કો નારવેશીને;
ન કરવું સ્રી સંબોધી હરિનું ગુણકીર્તન.

૧૮૦, ભાગે ત્યાગ-બ્રહ્મચર્ય એહવું તો ન માનવું
ગુરુવેણે; સદા રહેવું નિર્માની ધીર તુષ્ટ જ.

स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या ।
निवारणीया साभाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ॥१८१॥

प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।
तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या संभाष्य ताश्च वा ॥१८२॥

तैलाभ्यङ्गो न कर्त्तव्यो न धार्यं चायुधं तथा ।
वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥१८३॥

परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि ।
न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥१८४॥

अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् ।
वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥१८५॥

चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् ।
पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ॥१८६॥

स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् ।
अकृत्वा वैश्वदेवं च कर्त्तव्यं नैव भोजनम् ॥१८७॥

साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् ।
स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ॥१८८॥



૧૮૧, બલાત્કારે અતિ પાસે આવન્તી નારને ય તો
પડકારી—તિરસ્કારી તુર્ત ત્હેણે નિવારવી.

૧૮૨, સ્ત્રીની કે નિજની પ્રાણાપત્તિ આવી પડે કદી,
તો તો બોલી-સ્પર્શીને યે રક્ષી લેવી જ તેહને.

૧૮૩, ન કરવાં તૈલાભ્યંગ, તથા શસ્ત્રો ન ધારવાં;
કે ના વિચિત્ર કો વેશ; જીભના સ્વાદ જીતવા.

૧૮૪, જેહ બ્રાહ્મણને ઘેર હોય પીરસણે જ સ્ત્રી,
ન ભિક્ષાર્થે જવું ત્હાં; ને જવું અન્યત્ર વર્ણીએ.

૧૮૫, ભણવાં વેદશાસ્ત્રો, ને કરવી ગુરુસેવના;
સ્ત્રૈણ પુરુષોનો સંગ, સ્ત્રી પેઠે, વર્જવો સદા.

૧૮૬, ચામડામાંનું પાણી ના પીવું કો વિપ્ર જાતિએ;
ડુંગળી લસણાદિકે ન ખાવાં કદિ ત્હેમણે.

૧૮૭, સ્નાન, સન્ધ્યા જ, ગાયત્રી, જપ, શ્રી વિષ્ણુપૂજન,
વૈશ્વદેવ કર્યા પાખીએ બ્રાહ્મણે જમવું નહી.

૧૮૮, નૈષ્ઠિક બ્રહ્મચારીની જેમ વર્જે જ સાધુ સૌ
સંગાદિ સ્ત્રૈણનાં-સ્ત્રીનાં જીતવા ઉરના અરિ.

सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः ।
न द्रव्यसङ्ग्रहः कार्यः कारणीयो न केनचित् ॥१८९॥

न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् ।
न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ॥१९०॥

न च सङ्गं विना रात्रौ चलितव्यमनापदि ।
एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥१९१॥

अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् ।
न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयापि तत् ॥१९२॥

भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।
व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥१९३॥

पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः ।
ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ॥१९४॥

तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम ।
अन्यथान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ॥१९५॥

आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि ।
अवर्ततात्र परमहंसैर्वृत्यं तथैव तैः ॥१९६॥



૧૮૯, જીતવી ઇન્દ્રિયોને સૌ; જીભને તો વિશેષતઃ;
દ્રવ્યસંગ્રહ કો સન્તે ના કરવો-કરાવવો.

૧૯૦, ન રાખે થાપણ કોની; ધૈર્ય છોડે ન ક્યાહરે;
ને નિજ વાસમાં સ્ત્રીને કદી યે પેસવા ન દે.

૧૯૧, ન સંગાથ વિના રાત્રે ચાલવું જ અનાપદે;
વિના આપત્તિ એકાકી પન્થે ક્યહારે ય ના જવું.

૧૯૨, કસુંબાદિથી રંગેલું, ચીત્રેલું ભાતભાતથી,
મોંઘુ ના પ્હેરવું વસ્ત્ર-પરેચ્છાએ મળેલું યે.

૧૯૩, ના જવું જ ગૃહસ્થીને ઘેર ભિક્ષા-સભા વિના;
હરિની ભક્તિસૂનો કો વ્યર્થ કાળ ન ગાળવો

૧૯૪, રાંધ્યું ધાન પીરસવા હોય જે ઘેર કો નર;
સ્ત્રીદર્શ-સ્પર્શનો લેશે જયહાં ના હોય સંભવ,

૧૯૫, એવાને ત્હાં ભોજનાર્થે અમારા સાધુએ જવું;
નહી તો અન્ન માગીને સ્વયં રાંધવું ત્હેમણે.

૧૯૬, પૂર્વ જડભરત જેમ પૃથ્વીમાં વર્તતા હતા,
મ્હારા પરમહંસોએ આ લોકે એમ વર્તવું.

वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः ।
ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥१९७॥

संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः ।
प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके ॥१९८॥

दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा ।
ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ॥१९९॥

स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् ।
निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ॥२००॥

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥२०१॥

दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च ।
देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ॥२०२॥

इति सङ्क्षेपतो धर्माः सर्वेषां लिखिता मया ।
साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥२०३॥

सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना ।
पत्रीयं लिखिता नृणामभिष्टफलदायिनी ॥२०४॥



૧૯૭, ને તાંબુલ, તમાકુ કે, કે ખાવું જ અફીણ–એ
અમારા વર્ણી સાધુએ મહાયત્નેય વર્જવાં.

૧૯૮, ગર્ભાધાનાદિ સંસ્કારો સન્તોએ જમવા નહીં;
ન દ્વાદશા સૂધી શ્રાદ્ધ, કે નહી પ્રેતશ્રાદ્ધ કો.

૧૯૯, ન સન્તે દિવસે સૂવું રોગઆપત્તિના વિના;
ના કરવી ગ્રામ્યવાર્તા, ના સુણવી લઇ રસ.

૨૦૦, વિના આપદ કે રોગ પલંગે પોઢવું નહિં;
નિષ્કપટે વર્તવું જ સાધુની સન્મુખે સદા.

૨૦૧, ગાળ દે કે માર મારે કુબુદ્ધિ જન કો કદિ,
સહુ તે સ્હેવું સાધુએ; ને ત્હેનું હિત વાંછવું.

૨૦૨, ના થવું દૂત–જાસૂસ, કે ચાડી કરવી નહિં;
અહંતા–મમતા રાખે ના દેહે સ્વજનાદિમાં.

૨૦૩, એમ સંક્ષેપમાં ધર્મો સૌના યે આ લખ્યા અમે;
સાંપ્રદાયિક ગ્રન્થોથી એનો વિસ્તાર જાણવો.

૨૦૪, સર્વે સતશાસ્ત્રનો સાર સારવી સારવી સ્વયં
જનોને વાંછિતદાતા લખી છે પત્રી આ અમે.

इममेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः ।
यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥ २०५ ॥

वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा ।
ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०६॥

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः ।
बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥ २०७ ॥

शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।
कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥ २०८ ॥

वक्त्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् ।
मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥ २०९ ॥

युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका ।
आसुर्या सम्पदाढ्याय पुंसे देया न कर्हिचित् ॥२१०॥

विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते ।
वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥ २११ ॥



૨૦૫, માટે સૌ આશ્રિતો મ્હારા નિત્યે આને અનુસરી
આત્માને સંયમી વર્તે; સ્વછન્દે ના કદી ય કો.

૨૦૬, અને સદ્ધર્મથી આમ વર્તશે નરનાર જે,
નિશ્ચે તે પામશે સિદ્ધિ ચારે યે પુરુષાર્થની.

૨૦૭, આ પ્રમાણે ન વર્તે તે અમારા સંપ્રદાયથી,
સંપ્રદાયી નરનારે, બ્હાર છે એમ જાણવું.

૨૦૮, કરે મદ્ભક્ત આ શિક્ષાપત્રીનો પાઠ નિત્યશઃ;
ને શ્રવણ કરવી જ અભણે નિત્ય ભાવથી.

૨૦૯, વક્તા ન હોય તો આને પૂજવી પ્રતિવાસરે;
'મુજ વાણી મુજ રૂપ' માની એમ પરમ્ પ્રીતે.

૨૧૦, દૈવી સંપત્તિવન્તાને આપવી પત્રિકા જ આ;
આસુરી સંપદવાળા નરને નાંપવી કદિ.

૨૧૧, વિક્રમ સંવત વર્ષે અઢાર સો જ બ્યાશીએ
વસંત પંચમીએ આ શિક્ષાપત્રી લખી શુભ.

निजाश्रितानां सकलार्तिहन्ता
सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां
तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥ २१२ ॥



૨૧૨, નિજાશ્રિતોની સહુ પીડહર્તા,
સદ્ધર્મ ને ભક્તિ સુરક્ષનારા,
તથા મનોવાંછિત સુખદાતા
કરો અમારૂં સહુ કૃષ્ણ મંગળ.

### કવિશ્રી ન્હાનાલાલનાં

## પ્રે મ ભ ક્તિ ગ્રં થ મા ળા

### પુસ્તકોનું સૂચીપત્ર.

| | પ્રથમાવૃત્તિની સાલ. | કિંમત. |
|---|---|---|
| ૧, કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો ( ૨ જી આવૃત્તિ ) | ૧૯૦૩ | ૧॥ |
| ૨, રાજસ્તોત્રોની કાવ્યત્રિપુટિ ( ૩ જી આવૃત્તિ ) | ૧૯૦૩–૦૫-૧૧ | ૧ |
| ૩, વસન્તોત્સવ ( ૫ મી આવૃત્તિ ) | ૧૯૦૫ | ૧॥ |
| ૪, કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો ( ૨ જી આવૃત્તિ ) | ૧૯૦૮ | ૧॥ |
| ૫, ઇન્દુકુમાર, અંક ૧ લો ( ૬ ઠી આવૃત્તિ ) | ૧૯૦૯ | ૨ |
| ૬, ન્હાના ન્હાના રાસ ભાગ ૧ લો ( ૯ મી આવૃત્તિ ) | ૧૯૧૦ | ૨ |
| ૭, ભગવદ્ગીતા, સમશ્લોકી ( ૩જી આવૃત્તિ ) | ” | ૨॥ |
| ૮, જયા–જયન્ત ( ૫ મી આવૃત્તિ ) | ૧૯૧૪ | ૨। |
| ૯, મેઘદૂત, સમશ્લોકી ( ૩જી આવૃત્તિ ) | ૧૯૧૭ | ૧॥ |
| ૧૦, ઉષા ( ૫ મી આવૃત્તિ ) | ૧૯૧૮ | ૨॥ |
| ૧૧, ચિત્રદર્શનો | ૧૯૨૧ | ૧॥ |
| ૧૨, રાજર્ષિ ભરત ( ૨જી આવૃત્તિ ) | ૧૯૨૨ | ૨ |
| ૧૩, પ્રેમકુંજ ( ૨ જી આવૃત્તિ ) | ” | ૧। |
| ૧૪, પ્રેમભક્તિ–ભજનાવલી ( ૨ જી આવૃત્તિ ) | ૧૯૨૪ | ૨ |
| ૧૫, સાહિત્યમન્થન | ” | ૨ |
| ૧૬, વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી ( ૨જી આવૃત્તિ ) | ૧૯૨૫ | ૧ |
| ૧૭, અમર પન્થનો યાત્રાળુ ( ૨જી આવૃત્તિ ) | ” | ૦। |
| ૧૮, શકુન્તલાનું સંભારણું ( ૨જી આવૃત્તિ ) | ૧૯૨૬ | ૧॥ |
| ૧૯, કુરુક્ષેત્ર, પ્રથમ કાંડ, યુગપલટો | ” | ૦॥ |
| ૨૦, કુરુક્ષેત્ર, દ્વાદશકાંડ, મહાસુદર્શન ( ૨ જી આવૃત્તિ ) | ૧૯૨૭ | ૦॥ |
| ૨૧, ઉદ્બોધન ( ૨ જી આવૃત્તિ ) | ” | ૨॥ |
| ૨૨, અર્ધશતાબ્દીના અનુભવબોલ ( ૨ જી આવૃત્તિ ) | ” | ૧॥ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૨૩, સંસારમન્થન (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ | ૨ |
| ૨૪, વિશ્વગીતા (૨ આવૃત્તિ) | " | ૨ |
| ૨૫, ઇન્દુકુમાર, અંક ૨ જો (૨ જી આવૃત્તિ) | " | ૨ |
| ૨૬, ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ) | ૧૯૨૮ | ૩। |
| ૨૭, ગીતમંજરી | " | ૧॥ |
| ૨૮, જહાંગીર–નૂરજહાન (૨ જી આવૃત્તિ) | " | ૩। |
| ૨૯, કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, યોધપર્તણી (૨ જી આવૃત્તિ) | " | ૧॥ |
| ૩૦, કુરુક્ષેત્ર પંચમ કાંડ, પ્રતિદ્વન્દ્વ | " | |
| ૩૧, કુરુક્ષેત્ર એકાદશ કાંડ, શરશય્યા | ૧૯૨૯ | ૦॥ |
| ૩૨, કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ | ૧૯૩૦ | ૧ |
| ૩૩, શાહાનશાહ અકબરશાહ | " | ૩॥ |
| ૩૪, પાંખડીઓ | " | ૨। |
| ૩૫, કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો | " | ૦॥ |
| ૩૬, સંબોધન | " | ૨॥ |
| ૩૭, દામ્પત્યસ્તોત્રો | ૧૯૩૧ | ૨ |
| ૩૮, શિક્ષાપત્રી, સમશ્લોકી | " | ૧ |
| ૩૯, બાળકાવ્યો | " | ૦॥= |
| ૪૦, ઉપનિષત્પંચક | | ૨ |
| ૪૧, સંઘમિત્રા | " | ૨ |
| ૪૨, પ્રસ્તાવમાળા | ૧૯૩૨ | ૩ |
| ૪૩, ઇન્દુકુમાર, અંક ૩ જો | " | ૨। |
| ૪૪, કવીશ્વર દલપતરામ, ભાગ ૧ લો | ૧૯૩૩ | ૩ |
| ૪૫, ઓજ અને અગર | " | ૧॥ |
| ૪૬, જગત્કાદમ્બરીઓમાં સરસ્વતીચન્દ્ર | " | ૨ |
| ૪૭, આપણાં સાક્ષરરત્નો, ભાગ ૧ લો | ૧૯૩૪ | ૨ |



| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૪૮, કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, પૂર્વાર્ધ | ૧૯૩૪ | ૪। |
| ૪૯, આપણાં સાક્ષરરત્નો, ભાગ ૨ જો | ૧૯૩૫ | ૨। |
| ૫૦, ગોપિકા (૨જી આવૃત્તિ) | " | ૨ |
| ૫૧, કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો | " | ૧। |
| ૫૨, ગુરુદક્ષિણા | " | ૨ |
| ૫૩, પુણ્યકન્થા | ૧૯૩૭ | ૨। |
| ૫૪, સ્નાતિકાપર્વની શિક્ષાવલ્લી | " | ૦। |
| ૫૫, ન્હાના ન્હાના રાસ, ભાગ ૩ જો | " | ૧॥ |
| ૫૬, મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૧ લો | " | ૨। |
| ૫૭, મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૨ જો | " | ૧॥ |
| ૫૮, સારથી | ૧૯૩૮ | ૫॥ |
| ૫૯, લીલીંગરાજ | ૧૯૩૯ | ૦। |
| ૬૦, મુંબઇમાંનો મહોત્સવ | " | ૧॥ |
| ૬૧, કુરુક્ષેત્ર, અષ્ટમ કાંડ, માયાવી સન્ધ્યા | " | ૧ |
| ૬૨, મહેરામણનાં મોતી | " | ૦॥= |
| ૬૩, કુરુક્ષેત્ર, તૃતીય કાંડ, નિર્ધાર | ૧૯૪૦ | ૧ |
| ૬૪, કુરુક્ષેત્ર, સપ્તમ કાંડ, ચક્રવ્યૂહ | " | ૦॥ |
| ૬૫, કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો ઉત્તરાર્ધ | " | ૫॥ |
| ૬૬, કર્ણાવતી | " | ૦। |
| ૬૭, સોહાગણ | " | ૦॥= |
| ૬૮, કુરુક્ષેત્ર, છઠ્ઠો કાંડ, આયુષ્યનાં દાન | " | ૧ |
| ૬૯, કુરુક્ષેત્ર, નવમો કાંડ, સહોદરનાં બાણ | " | ૧ |
| ૭૦, કુરુક્ષેત્ર, સમન્તપંચક અને મહાપ્રસ્થાન | " | ૦॥ |
| ૭૧, કુરુક્ષેત્ર, અર્પણ અને પ્રસ્તાવના | " | ૧॥ |
| ૭૨, કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો | ૧૯૪૧ | ૫ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૭૩, પાનેતર | | |
| ૭૪, હરિદર્શન | ૧૯૪૧ | ૦ાા= |
| ૭૫, વેણુવિહાર | ૧૯૪૨ | ૦ાા= |
| ૭૬, પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ | " | ૦ાાા |
| ૭૭, જગત્પ્રેરણા | ૧૯૪૩ | ૧ |
| ૭૮, દ્વારિકાપ્રલય | " | ૨ા |
| | ૧૯૪૪ | ૨ા |

## હવે પછી છપાશે

૧, સાગરમંથન
૨, ચન્દ્ર અને ચન્દ્રિકા
૩, વિચારણા, ભાગ ૧ લો
૪, વિચારણા, ભાગ ૨ જો
૫, ધર્મમન્થન, ભાગ ૧ લો
૬, ધર્મમન્થન, ભાગ ૨ જો
૭, શ્રી હર્ષદેવ
૮, મહેરામણનાંમોતી, બીજી સેર
૯, મહાકાવ્ય અભિનન્દનોત્સવ
૧૦, ગીતમંજરી, ભાગ ૨ જો
૧૧, કેટલાંક કાવ્યો ભાગ ૪ થો
૧૨, નવાં ઉપનિષદો
૧૩, રાસ, ભાગ ૪ થો
૧૪, હરિસંહિતાનાં મંડળો
૧૫, અજીતા
૧૬, અમરવેલ

SHML
G27752

…ણું:—

ડૉ. મનોહર ન્હાનાલાલ કવિ,
એલિસપૂલ, કવિ નાનાલાલ રસ્તો,
અમદાવાદ, ૬.

G.27752

TO BE ISSUED

7BL
1254
.589
S4

G.27752